**સુવિચાર**

કોઈને એટલી જ સલાહ આપો જેટલી એ સમજી શકે કેમ કે ડોલ ભરાય પછી પાણીનો બગાડ જ થાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ઉપલેટામાં ધ્રુણાસ્પદ ઘટના: સગા બાપે ચાર વર્ષમાં અનેકવાર પુત્રીને હવસનો સીકાર બનાવી P-4


Year-16, Issue-246 ■ DATE : 31-01-2026 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# કાલે કેન્દ્રીય બજેટ: વિશ્વના ત્રીજા અર્થતંત્ર તરફ આગેકૂચ



**પ્રથમ વખત રવિવારે રજૂ થનારા બજેટમાં રેલ્વેથી સંરક્ષણ-ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઉત્પાદન માટે ખાસ જોગવાઇ થવાની સંભાવના: નાણામંત્રી નિર્મલા સીતારામન નવમુ બજેટ રજૂ કરી નવો રેકોર્ડ બનાવશે: સોના-ચાંદીમાં આયાત-જકાત ઘટાડાશે: આવકવેરા માળખુ યથાવત રહેવાની શકયતા**

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં પ્રથમ વખત રવિવારે રજુ થનારા આવતીકાલના કેન્દ્રીય બજેટ અત્યાર સુધીનું સૌથી મોટા રૂ.૫૪ લાખ કરોડનું કદ ધરાવતું હોઈ શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારામન કાલે સવારે ૧૧ વાગ્યે લોકસભામાં તેમનું સતત નવમું બજેટ રજુ કરીને પણ નવો રેકોર્ડ બનાવવા આગળ વધશે.

વિશ્વના ચોથા સૌથી મોટા અર્થતંત્રના આ વર્ષના રજુ થનારા બજેટમાં સરકારે અગાઉ જ આર્થિક સર્વેમાં અમેરિકી ટેરિફ સહિતના પડકારો તથા વિશ્વમાં સતત બદલતી જતી જીયો પોલીટીકલ સ્થિતિનો તાગ આપી દીધો હતો અને તે ઉપરાંત દેશને ઘરેલુ માંગથી જે ઈંધણ મળ્યું તેમાં ૬.૮% થી ૭.૨% સુધીનો વિકાસ દર જાળવી રાખવાનો પણ વિશ્વાસ વ્યક્ત થયો છે.

વિશ્વમાં ટ્રમ્પના ટેરિફનો સૌથી વધુ શ્રેષ્ઠ અને અસરકારક મુકાબલો ભારતે કર્યો છે. ૪.૧૮ કરોડ ડોલરની ઈકોનોમીને હવે ફાઈવ ટ્રીલીયન ડોલરના લક્ષ્યાંક સુધી પહોંચાડવામાં હવે ઉત્પાદન-સર્વિસ ક્ષેત્રને વધુ મહત્વ અપાશે. છેલ્લા ૧૨ વર્ષમાં કેન્દ્રનું બજેટ રૂ.૧૨ લાખ કરોડમાંથી વધીને રૂ.૫૦.૬૫ લાખ કરોડ થયુ છે તેમાં ૧૦%ના વધારા સાથે રૂ.૫૪-૫૫ લાખ કરોડનું બજેટ નિર્મલા સીતારામન રજુ કરી શકે છે.

બજેટમાં જે સૌથી વધુ ઈન્તજાર હોય છે તે ડાયરેકટ ટેક્ષ આવકવેરા સહિતના સીધા કરવેરામાં આઈટી સ્લેબ કે દરમાં ફેરફારની અપેક્ષા ઓછી છે પણ સરકાર ખાસ કરીને અર્થતંત્રને ઈંધણ ટકાવી રાખવા માટે સ્ટાન્ડર્ડ ડિડકશનમાં વધારો કરી રૂ.૧ લાખ કરે. ટીડીએસમાં જે અલગ અલગ દરો છે તેને એક સમાન બનાવે તેવી શકયતા છે તો ડિવિડન્ડ ટેક્ષ મુદ્દે એ સીકયોરિટી ટ્રાન્ઝેકશન ટેક્ષ અથવા લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષમાં ફેરફાર કરી શકે છે.

ડિવિડન્ડ પર ટેક્ષ એ ડબલ ટેક્ષેસન જેવું છે. કંપનીઓ નફા પર ટેક્ષ આપે છે અને તે નફો શેરહોલ્ડરને વહેચે તેના પર ટેક્ષ વસુલાય છે જેથી ડિવિડન્ડ ઈન્ડેકસને ટેક્ષ ફ્રી બનાવાય તેવી શકયતા છે તો સરકાર ખુદ રોડ-રેલવે-જાહેર ટ્રાન્સપોર્ટ-પાવર-લોજીસ્ટીક સહિતના ઈન્ફ્રાસ્ટ્રકચર પાછળ રૂ.૧૨ લાખ કરોડનો ખર્ચ કરી શકે છે.

આડકતરા વેરામાં ટેરિફના કારણે જે રીતે નિકાસકારોને માટે પડકાર સર્જાયો છે તેમાં સરકાર નિકાસ પ્રક્રિયા સરળ બનાવે. ડયુટી ડ્રો બેકમાં વધુ રાહત આપે અને નિકાસ પરનું ધિરાણ-સબસીડી વધારીને નિકાસકારોનો ઉત્સાહ જાળવી રાખે તેવી ધારણા છે.

આ ઉપરાંત એકસપોર્ટ કાઉન્સીલને હવે વધુ વ્યાપક બનાવી સ્થાનિક નિકાસકારોને નવા દેશોમાં નિકાસ માટે મદદ કરી ગુણવતા કંટ્રોલ વધુ મજબૂત બનાવે તેવી ધારણા છે. નવા અને જૂના ટેક્ષ રીજીમ (આઈટી)માં સરકાર હવે નવા ટેક્ષ રીજીમમાં કલમ ૮૦ડી હેઠળ આરોગ્ય પોલીસીના લાભો મળે તે નિશ્ચિત કરી શકે છે જે રીતે આરોગ્ય ખર્ચ વધી રહ્યો છે. તેમાં આ મહત્વપૂર્ણ હશે.

આ ઉપરાંત હવે રીયલ એસ્ટેટ ક્ષેત્ર એ જે તેને ઉદ્યોગના દરજ્જો આપવા અને તેઓના કેપીટલ ખર્ચ ઘટે. લેન્ડ રેકોર્ડનું પુરી રીતે ડીજીટલાઈઝેશન થાય તથા હાઉસીંગ ડિમાન્ડમાં સિંગલ વિન્ડો કલીયરન્સ પદ્ધતિની માંગ છે.

સરકાર સિનીયર સીટીઝનો-મહિલાઓને રૂ.૫૦૦૦૦ સુધીની વ્યાજ આવક ને કરમુક્તિ આપી છે. તેમાં વધારો કરીને રાહત આપે તેવી ધારણા છે. તો સંરક્ષણ રેલવેએ બજેટના મુખ્ય ફોકસ હશે. રોજગારી આપતા એકમો ખાસ કરીને ઉત્પાદન સેવા એકમો માટે ખાસ પ્રોત્સાહનો આપી શકે છે.

સોના-ચાંદીના સતત વધી રહેલા ભાવમાં સરકાર પાસે સોનાની આયાત જકાત જે ૬% છે તે ઘટાડવાની માંગ થઈ છે. આ ૬% ઉપરાંત ૩% સેલ્સટેક્ષ એમ ૯% ટેક્ષ એ આ ભાવમાં વધુ પડતા ઉંચા છે તે ઘટાડી જેમ્સ જવેલરી ઉદ્યોગને ગ્રાહક આપે તેવી સુવિધા કરે તેવી શકયતા છે તો વધેલા ભાવ બાદ ખરીદીમાં આઈટી સંબંધી ફેરફાર પણ શકય છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૭/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૬/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૦,૬૩૦ | ₹૩,૫૦,૦૦૦ |
| | -૮૬૨૦ | -૪૫,૦૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૬૮ | ₹૧૨૫.૫૧ |

# આજે મહારાષ્ટ્રના પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી તરીકે સુનેત્રા પવાર શપથ લેશે

**મુખ્ય સમાચર, નવી દિલ્હી**

મહારાષ્ટ્રમાં નાયબ મુખ્યમંત્રી અજીત પવારના વિમાની દુર્ઘટનામાં મૃત્યુ બાદ તેમનો રાજકીય વારસો આગળ ધપાવવા તથા પવાર પરિવારને રાજયની દેવેન્દ્ર ફડનવીસ સરકારમાં સ્થાન આપવાની પ્રક્રિયા હવે અંતિમ તબકકામાં છે અને સ્વ.અજીત પવારના પત્ની સુનેત્રા પવારને આજે એનસીપી અજીત પવાર જૂથના વિધાનસભા પક્ષના નેતા પદે ચૂંટી કઢાયા બાદ સાંજે જ એક સાદા સમારોહમાં તેઓને નાયબ મુખ્યમંત્રી પદે શપથ લેવરાવે.

આમ તેઓ મહારાષ્ટ્રના પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી બનશે. સ્વ. પવાર પરિવારે પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે વ્યવસ્થા ગોઠવી લીધી છે અને સુનેત્રા પવાર એ બારામતીની ખાલી



થયેલી ધારાસભા બેઠક પર ચુંટણી લડશે તથા તેઓ જે હાલ રાજયસભાના સભ્ય છે તેમાંથી રાજીનામુ આપશે અને તે બેઠક પર અજીત સુનેત્રા પવારના પુત્ર પાર્થ પવાર ઉપલા ગૃહમાં સભ્ય બનશે.

સુનેત્રા પવાર ગઈકાલે રાત્રીના જ મુંબઈ પહોંચી ગયા હતા. આ પુર્વે એનસીપીના વરિષ્ઠ નેતા પ્રફુલ પટેલ તથા મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડનવીસ વચ્ચે દોઢ કલાક બેઠક યોજાઈ હતી જેમાં આ ફોર્મ્યુલા તૈયાર થઈ છે. ૬૨ વર્ષીય સુનેત્રા પવારને હવે નાયબ મુખ્યમંત્રી સાથે કયાં વિભાગો ફાળવાય તેના પર નજર છે.

સ્વ. અજીત પવારે ભારેખમ નાણા મંત્રાલય સંભાળતા હતા પણ સુનેત્રા પવાર પ્રથમ વખત મંત્રી બની રહ્યા છે તથા શાસનનો અનુભવ નથી તેમ તેઓને હાલ હળવા વિભાગો અને નાણા મંત્રાલય એનસીપીના જ કોઈ સિનિયર નેતાને સોપાય તેવી ધારણા છે.

રાજયમાં તા.૭ના રોજ જીલ્લા પરિષદોની ચુંટણી યોજાવાની છે જે એનસીપી મહત્વની છે તેથી જ સૂનેત્રા પવાર પ્રત્યે સહાનુભૂતિ સતા બન્નેનો લાભ પક્ષને મળે તે જોવાઈ રહ્યો છે.

# સોના-ચાંદીમાં તેજીનો પરપોટો ફૂટયો

## સોનામાં ૩૩ હજાર અને ચાંદીમાં ૧ લાખથી વધુનું ગાબડુ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ અને બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. બજાર વિશ્લેષકોની પરપોટા ફૂટવાની આગાહી સાચી સાબિત થઈ છે. શુક્રવારે કિમતી ધાતુઓ માટે ઐતિહાસિક ઘટાડો થયો હતો. ચાંદીના ભાવમાં એક જ દિવસમાં રૂ.૧ લાખથી વધુનો ઘટાડો થયો હતો, જ્યારે સોનામાં પણ એક જ ઝટકામાં રૂ.૩૩,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામનો ઘટાડો થયો હતો.

શનિવારના રોજ પણ સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. સોના અને ચાંદીમાં આવી રહેલી આ ક્રેશ જેવી પરિસ્થિતિએ રોકાણકારોને ચિતામાં મૂકી દીધા હતા. હકીકતમાં, ગુરુવારે, એમસીએક્સ પર ચાંદીના ભાવ પ્રતિ કિલો રૂ.૪,૨૦,૦૦૦ ની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તે હવે ઘટીને રૂ.૨,૯૧,૦૦૦ પ્રતિ કિલો થઈ ગયા છે. આનો અર્થ એ છે કે ચાંદીના ભાવ ૨૪ કલાકમાં રૂ.૧,૨૯,૦૦૦ ઘટ્યા છે. તેવી જ રીતે, એમસીએક્સ પર સોનાના ભાવ, જે પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૧,૮૩,૯૬૨ની નજીક પહોંચ્યા હતા, તે હવે ઘટીને રૂ.૧,૫૦,૮૪૯ પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગયા છે. આનો અર્થ એ છે કે સોનાના ભાવમાં પણ આશરે રૂ.૩૩,૧૧૩નો ઘટાડો થયો છે.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ ઓફ ઈન્ડિયા પર સોના અને ચાંદીના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોથી વધઘટ થઈ રહી છે. ગુરુવારે નોંધપાત્ર ઉછાળો નોંધાયો હતો, પરંતુ શુક્રવારે આ ઉછાળો અટકી ગયો હતો. આ પાછળના કારણો રોકાણકારો દ્વારા નફા-બુકિંગ, નબળો પડી રહેલો યુએસ ડોલર, ફેડરલ રિઝર્વ બેંક દ્વારા વ્યાજ દર સ્થિર રાખવા અને યુએસમાં ઊંચી ફુગાવા હતા.

# અમેરિકામાં ફરી રાજકિય ભૂકંપ: ૩૫ લાખ પાનાના નવા એપસ્ટીન દસ્તાવેજો જાહેર થતા સનસનાટી



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના યૌન અપરાધી તથા બદનામ ફાઈનાન્સર જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલા મામલાઓથી ફરી એક વખત રાજકીય-સામાજીક ભૂકંપ સર્જાયો છે. અમેરિકી ન્યાય વિભાગ દ્વારા ૩૦ લાખથી વધુ દસ્તાવેજો જાહેર કરવાનું એલાન કરાયું છે. જો અત્યાર સુધીના સૌથી મોટા દસ્તાવેજી ખુલાસા છે. માત્ર અમેરિકા જ નહીં બ્રિટન સુધીના રાજકીય અને કોર્પોરેટ ક્ષેત્રમાં હલચલ મચી ગઇ છે.

જોકે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સાંકળતી ફાઇલો વિશે ન્યાય વિભાગ વિવાદમાં ઘેરાયું છે. એક અત્યંત સંવેદનશીલ ફાઇલ કલાકોમાં જ વેબસાઇટ પરથી હટાી દેવામાં અવી

**અમેરિકી ન્યાય વિભાગ તથા વ્હાઇટ હાઉસનો ટ્રમ્પ મામલે બચાવ**

હતી અને પછી ફરી અપલોડ કરી દેવામાં આવી હતી આ ફાઇલમાં ટ્રમ્પ સામેના યૌન ઉત્પીડનના અપ્રમાણીત આક્ષેપોનો ઉલ્લેખ છે જેનાથી રાજકારણ તથા સોશ્યલ મીડિયામાં હંગામો સર્જાયો હતો.

અમેરિકાના ડેપ્યુટી એટર્ની જર્નલ ટોડ બ્લાન્સે જણાવ્યું હતું કે, નવા જાહેર કરાયેલા કુલ દસ્તાવેજોમાં અંદાજીત ૨૦૦૦ વિડીયો અને ૧.૮૦ લાખ ફોટા સામેલ છે. જોકે ગુપ્તતા અને કાનુની કારણોસર અનેક ભાગોને 'બ્લેક' કરી દેવામાં આવ્યા છે.

ન્યાય વિભાગના જણાવ્યા મુજબ કુલ ૬૦ લાખથી વધુ પાનાને સંભવિત રૂપથી પ્રાસંગિક માનવામાં આવ્યા હતા. જેમાં એફબીઆઇ અને ન્યાય વિભાગના ઇ-મેઇલ ઇન્ટરવ્યુ રેકર્ડ, તપાસ રીપોર્ટ, ફોટા, વિડીયો અને કબ્જે કરાયેલા ડિજીટલ ડેટા સામેલ છે.

તપાસ બાદ અંદાજીત ૩૫ લાખ પાના જારી કરવામાં આવ્યા છે. આ દસ્તાવેજોમાં મોટી માત્રામાં અશ્લીલ સામગ્રી પણ સામેલ છે. જે એપસ્ટીનની અંગત ડિવાઇસમાંથી જપ્ત કરવામાં આવી હતી. કેટલીક ફાઇલો રોકવામાં આવી છે. કારણ કે તેની તપાસ ચાલુ છે અને પીડિતોની વ્યકિતગત અને મેડીકલ રેકર્ડ સાથે સંકળાયેલ છે.

આ ફાઇલોમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નામ સેંકડો વખત આવ્યા છે. જોકે ન્યાય વિભાગ અને વ્હાઇટ હાઉસ બંનેએ સ્પષ્ટ કર્યુ છે કે દસ્તાવેજોમાં કરાયેલા અનેક આક્ષેપો અપ્રમાણીત છે અને તેનો કોઇ કાનુની આધાર નથી જે દસ્તાવેજોને હટાવવામાં આવ્યા છે. તેમાં એફબીઆઇ તરફથી ઓગષ્ટ-૨૦૨૫માં તૈયાર કરાયેલી યાદી સામેલ છે. આ લીસ્ટ એફબીઆઇને મળેલી ફરિયાદો પર આધારીત હતું.

જેમાં ડોનાલ્ડ ટ્રમ્પ વિરુધ્ધ અનેક ગંભીર છતાં અપ્રમાણીત આરોપ નોંધાયેલા હતા. સૌથી ગંભીર આરોપ એ હતો કે અંદાજીત ત્રણ દાયકા પૂર્વે ન્યુજર્સીમાં ૧૩ કે ૧૪ વર્ષની છોકરીને ટ્રમ્પે યૌન કૃત્ય કરવા મજબુર કરી હતી. આ દાવા પીડિતાની કથીત અજાણી મહિલાએ કર્યો હતો. દસ્તાવેજમાં એ પણ લખાયું છે કે આ વાતનું કોઇ સ્વતંત્ર વેરીફીકેશન કરવામાં આવ્યું નથી.

દસ્તાવેજમાં જણાવ્યા મુજબ અલગ અલગ સમયે ફરિયાદો દાખલ થઇ હતી. તેમાં કેટલીક ૩૫ વર્ષ જુની પણ છે. સૌથી મહત્વની બાબત એ છે કે દસ્તાવેજોમાં કોઇ પણ પુરાવા કે વેરીફીકેશન નથી.

રેકર્ડ પ્રમાણે એફબીઆઇ દ્વારા જુદી જુદી ફરિયાદોને વોશિંગ્ટન ઓફિસે મોકલવામાં આવી હતી. સાક્ષીઓના નિવેદન લઇ શકાય તેવો હેતુ હતો. જોકે નિવેદનો લેવાયા હતા કે કેમ અને તેનું કોઇ પરિણામ આવ્યું કે કેમ તે સ્પષ્ટ નથી. દસ્તાવેજોમાં એવા કોઇ સંકેત નથી કે એફબીઆઇએ ફરિયાદોને વિશ્વસનીય માની હોય અન્ય આરોપોમાં કથીત 'ઓર્જી' પાર્ટીઓનો પણ ઉલ્લેખ છે પરંતુ તેમાં આરોપ લગાડનારની ઓળખ, સમય કે પુરાવા સંબંધી કોઇ નકકર જાણકારી આપવામાં આવી નથી.

અનેક આરોપોમાં એફબીઆઇ અધિકારી ફરિયાદ કરનારનો સંપર્ક કરી શકયા નથી. એક કેસમાં વ્યકિતની ઓળખ થઇ હતી પરંતુ તેના નિવેદનને વિશ્વસનીય ગણવામાં આવ્યું ન હતું.

# જાન્યુઆરીમાં શેરબજાર ૧૦ વર્ષમાં સૌથી નબળું

શેરબજારોની શરૂઆત કેલેન્ડર વર્ષ ૨૦૨૬ માં નબળી રહી. તેઓએ એક દાયકામાં જાન્યુઆરીનું સૌથી નબળું પ્રદર્શન કર્યું. સેન્સેક્સ અને નિફ્ટી બંને ૩% થી વધુ ઘટ્યા, જે ૨૦૧૬ પછીનું તેમનું સૌથી ખરાબ જાન્યુઆરી પ્રદર્શન છે, જ્યારે સૂચકાંકો લગભગ ૫% ઘટ્યા હતા. સેન્સેક્સ માટે, ફેબ્રુઆરી ૨૦૨૫ પછી કોઈપણ કેલેન્ડર મહિનામાં આ સૌથી નબળું વળતર હતું, જ્યારે નિફ્ટી માટે, તે જુલાઈ ૨૦૨૫ પછીનું સૌથી ખરાબ વળતર હતું. વ્યાપક બજારો પણ દબાણ હેઠળ આવ્યા, જેમાં નિફ્ટી મિડકેપ ૧૦૦ અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ અનુક્રમે ૩.૪% અને ૪.૭%ઘટ્યા. મહિના દરમિયાન બજાર મૂડીકરણ લગભગ રૂ.૧૬ લાખ કરોડ ઘટ્યું, જે ફેબ્રુઆરી ૨૦૨૫ પછીનું સૌથી વધુ છે. પરિણામે, ભારતે તેનું ૫ ટ્રિલિયન બજાર મૂડીકરણ ગુમાવ્યું. રૂપિયામાં સતત ઘટાડા અને નિરાશાજનક કોર્પોરેટ કમાણી વૃદ્ધિ વચ્ચે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા ભારે આઉટફ્લોને કારણે શેરોમાં નોંધપાત્ર વેચાણ થયું.

# આજે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં વિશ્વકર્મા જયંતિની આસ્થાભેર ઉજવણી








**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં આજે વિશ્વકર્મા જયંતી મહોત્સવની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આજે સવારથી જ શહેરના દિવાનપરા મેઈન રોડ પર આવેલ ભગાવન વિશ્વકર્માના મંદિર ખાતે શ્રધ્ધાળુઓની ભીડ ઉમટી હતી. ભગવાન વિશ્વકર્માને સૃષ્ટીના સર્જનહાર માનવામાં આવે છે. આજે વિશ્વકર્મા જયંતિ નિમિતે અનેક સ્થળોએ દર્શન સાથે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ શહેરમાં ભાવિકો દ્વારા ભગવાન વિશ્વકર્માની રથયાત્રા પણ યોજાઇ હતી જેમાં અનેક ભકતો જોડાયા હતા.

# ગુજરાત સરકારનો મહત્ત્વનો નિર્ણય, ૨૦થી વધુ સરકારી સેવાઓમાં આધાર વેરિફિકેશન ફરજિયાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજ્યમાં સરકારી સેવાઓને વધુ સરળ, ઝડપી અને ભ્રષ્ટાચારમુક્ત બનાવવા માટે ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ દ્વારા એક મહત્ત્વપૂર્ણ ઠરાવ કરવામાં આવ્યો છે. વહીવટી સુધારણા આયોગની ભલામણોને આધારે હવે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સૌથી વધુ ઉપયોગમાં લેવાતી 'Top-High Volume Services' માટે આધાર પ્રમાણીકરણ અમલી બનાવવામાં આવ્યું છે.




ગુજરાત વહીવટી સુધારણા આયોગના પાંચમા અહેવાલની ભલામણ મુજબ, નાગરિકોને સીધી સ્પર્શતી યોજનાઓમાં પારદર્શિતા લાવવા અને સરકારી નાણાંનો દુરુપયોગ અટકાવવા આ નિર્ણય લેવાયો છે. એક જ વ્યક્તિ અલગ-અલગ ઓળખ ઉભી કરી વારંવાર લાભ ન લે તે સુનિશ્ચિત કરવા. નાણાંકીય સહાય, સબસિડી અને અન્ય કલ્યાણકારી યોજનાઓ સીધી પાત્ર લાભાર્થી સુધી પહોંચાડવા.

આ ઠરાવના અમલીકરણ બાદ હવે આવકના દાખલા, સામાજિક વર્ગના પ્રમાણપત્રો, રેશનકાર્ડમાં નામ સુધારવા/ઉમેરવા અને સોગંદનામા જેવી અંદાજે ૨૦ જેટલી મુખ્ય સેવાઓમાં આધાર પ્રમાણીકરણ જરૂરી બનશે.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જામનગરમાં SIRની આડમાં ચોક્કસ જ્ઞાતિના હજારો નામો હટાવવાનું ષડ્યંત્ર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મતદાર યાદી સુધારણાની પ્રક્રિયામાં સરકારી તંત્ર દ્વારા ભાજપ સરકારના ઈશારે ચોક્કસ વિસ્તાર અને ચોક્કસ વર્ગ.જ્ઞાતિના અસંખ્ય લોકોના નામ મતદાર યાદીમાંથી કમી કરવાના ષડ્યંત્રનો કોંગ્રેસપક્ષ દ્વારા પર્દાફાશ કરી આ મુદ્દે પોલીસમાં ફોજદારી ફરિયાદ અને ત્યારપછી કાનૂની લડત આપવાનો પડકાર કરવામાં આવ્યો છે.જામનગર જિલ્લો અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એસઆઈઆરની કામગીરીમાં મોટાપાયે ગોબાચારી ચાલતી હોવાના મુદ્દે જામનગર શહેર કોંગ્રેસ દ્વારા આજે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી, અને આ સમયે જામનગર શહેરના જ ૪૦ જેટલા નાગરિકોને રૂબરૂ હાજર રાખી નામ કમી કરવાની પ્રક્રિયા અંગે ઉગ્ર આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. પત્રકાર પરિષદમાં દૃષ્ટાંત રૂપે જ આ અરજદારોને હાજર રાખવામાં આવ્યા હતાં, બાકી હજારો લોકોનું નામ કમી થઈ ગયાની વ્યાપક ફરિયાદો ઊઠવા પામી છે તેમ જણાવાયું હતું.જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાએ જામનગર શહેર.જિલ્લો તથા હાલારમાં એસઆઈઆરની લોકોના મતાધિકાર છીનવી લેવા જેવી ચાલી રહેલી કામગીરી સામે કોંગ્રેસ દ્વારા ચલાવવમાં આવી રહેલી લડતની વિગતો રજૂ કરી હતી.કોંગ્રેસના નેતા વિક્રમભાઈ માડમે ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ચોક્કસ વિસ્તારના અને ચોક્કસ વર્ગ.જ્ઞાતિના લોકોના નામ કમી કરવાનું ષડ્યંત્ર ભજપના ઈશારે ચાલી રહ્યું છે.તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓથી લઈ રાજ્યમાં છેલ્લા ૨૫-૨૫ વર્ષથી ભાજપનું શાસન છે, ત્યારે ભાજપ શા માટે મતદાર યાદીમાંથી નામો કમી કરવાની આટલી કવાયત કરે છે? તેનું કારણ એક જ છે કે સમગ્ર ગુજરાતમાં ભાજપના શાસનમાં ચારેતરફ દરેક ક્ષેત્રમાં ખૂબ જ મોટાપાયે ભ્રષ્ટાચાર ફેલાઈ ગયો છે અને તે વધુને વધુ વ્યાપક બની રહ્યો હોવાથી ગુજરાતની શાંત અને સમજુ પ્રજા હવે ત્રસ્ત થઈ ગઈ છે, જેથી ભાજપને હવે આગામી ચૂંટણીઓમાં પરાજયનો ખૂબ જ ડર લાગી રહ્યો હોવાથી આવી તદ્દન હીન પ્રકારની હરકતો કરી રહ્યું છે. તેમણે ભાજપના નેતાઓને જણાવ્યું કે તમે આવી કામગીરી કરાવીને મત અને સત્તા માટે દેશના લોકોમાં ઝેરના વાવેતર કરી રહ્યા છો.દેવભૂમિ દ્વારકા જિલ્લાના કોટા ગામનું ઉદાહરણ આપી તેમણે જણાવ્યું હતું કે મહદ્અંશે મુસ્લિમ વસ્તી ધરાવતા આ ગામના ૬૦૦ મતદારોમાંથી ગામના અસંખ્ય સહિત ૩૦૦ જેટલા મતદારોના નામ કમી કરી દેવાયા છે. જિલ્લામાં ૨૮,૦૦૦ નામો કમી કરાયા છે ત્યાં ૪૦ જેટલા વ્યક્તિઓ પોલીસમાં ફરિયાદ કરવા રૂબરૂ ગયા તો પોલીસ વિભાગે ફરિયાદ લેવાનો ઈન્કાર કરી દીધો. હવે કોર્ટનો આશરો લેવો પડશે.જે લોકોના નામ કમી કરવા ફોર્મ નં. ૭ ભરાયા છે તે ફોર્મ રજૂ કરનાર કોઈ છે જ નહીં, ડમી નામ અને ડમી ફોન નંબરો સાથેના ફોર્મ માન્ય રાખી દેવાયા છે. કોંગ્રેસના આગેવાનોએ આવા અનેક ફોર્મ ભરનારાઓ સામે ફોજદારી ફરિયાદ કરવાનો નિર્ણય કર્યો છે. એટલું જ નહીં, પ્રાંત અધિકારી, મામલતદાર અને જિલ્લા કલેક્ટર જેવા ઉચ્ચ અધિકારીઓને પણ ચેતવ્યા છે કે તમે પ્રજાના પૈસે પગાર-સુવિધા લેતા પ્રજાના સેવક તરીકે નોકરી કરો છો! અને એક પ્રકારના 'પાપ'માં પણ ભાગીદાર બની રહ્યા છો. ભાજપ કે સરકાર તમને બચાવવા આગળ નહીં આવે!.જામનગર શહેરના ૪૦ જેટલા પરિવારોમાંથી એક-એક- એક વ્યક્તિને પત્રકારો સમક્ષ બોલાવવામાં આવ્યા હતાં. જેમાંથી એક તો વર્ષોથી સરકારી નોકરી કરતો હોવા છતાં તમે મતદાર નથી, તમે ભારત દેશના નાગરિક નથી, તમે નાગરિક છો તેવા આધાર-પુરાવા રજૂ કરો તેવા ફોન-સૂચના-નોટીસો મળી છે.કોંગ્રેસના નેતાએ તો ત્યાં સુધી આક્ષેપ કર્યો છે ભાજપના કાર્યાલયમાંથી ફોન નં. ૭ નું વિતરણ કરી આ પ્રકારની ગોબાચારી કરવામાં આવી રહી છે.કેન્દ્રિય સ્તરે કોંગ્રેસના મોવડી મંડળ દ્વારા કાનૂની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તે જ રીતે દરેક શહેર.જિલ્લામાં અદાલતમાં નામ કમી કરનારાને હાજર કરો તેવી માગણી સાથે તેમની સામે તથા જવાબદાર અધિકારીઓ સામે અદાલતમાં ફરિયાદો દાખલ કરવામાં આવશે. બીએલઓ ઉપર દબાણ લાવવાના કારણે આત્મહત્યાના, નોકરી છોડવાના અનેક કિસ્સા ભાજપ સરકાર અને ઉચ્ચ અધિકારીઓના દબાણના કારણે જ થયા છે.એક-બે વ્યક્તિના ઉદાહરણો રજૂ થયા, જેમાં એક વ્યક્તિએ ૧૧૧ જેટલા ફોર્મ-૭ ભરીને નામ કમી કરવાની હરકત કરી. આ નામની કોઈ વ્યક્તિ જ નથી, તેનો મોબાઈલ નંબર પણ ખોટો હોવાનું જણાવ્યું છે.આમ એસઆઈઆર કામગીરીમાં ચાલતી ગોબાચારીનો અરજદારોને હાજર રાખીને રીતસર પર્દાફાશ કરી લોકોને જાગૃત થઈ પોતાનો મતાધિકાર છીનવાઈ ન જાય તે માટે લડતમાં જોડાવા હાકલ કરી હતી.

આ પત્રકાર પરિષદમાં પ્રદેશ કોંગ્રેસના હોદ્દેદાર સહારાબેન મકવાણા, કોર્પોરેટરો આનંદભાઈ રાઠોડ,આનંદભાઈ ગોહિલ અન્ય હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

# મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખાએ ખાણીપીણીની ૩૪ દુકાનોમાં ચેકિંગ હાથ ધર્યું





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ સેફટી શાખા દ્વારા શહેરની હોટેલ, રેસ્ટોરન્ટ, મીઠાઇ-ફરસાણ તથા ડેરી સંચાલકો ખાતે ચેકિંગ હાથ ધરાયું હતું. સ્વચ્છતાના ધોરણો ન જાળવનાર ૧૫ સંચાલકોને નોટિસ આપવામાં આવી હતી તેમજ અખાદ્ય પદાર્થો અને ૫૦૦ કિ.ગ્રા. અખાદ્ય કલરનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

મોરબી મહાનગરપાલિકાની ફૂડ સેફટી શાખા દ્વારા શહેરમાં જન આરોગ્યની સુરક્ષા માટે વ્યાપક ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. મહાનગરપાલિકાના ફૂડ સેફટી ઇન્સ્પેક્ટર દ્વારા હોટેલ, રેસ્ટોરન્ટ, મીઠાઇ-ફરસાણના વિક્રેતાઓ તેમજ ડેરી સંચાલકો સહિત કુલ ૩૪ ખાણીપીણીની દુકાનોમાં તપાસ કરવામાં આવી હતી. આ ચેકિંગ દરમ્યાન વેપારીઓને ફૂડ લાઇસન્સ અને સ્વચ્છતા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. સ્વચ્છતાના ધોરણો યોગ્ય રીતે ન જાળવનાર ૧૫ મીઠાઇ-ફરસાણ, ડેરી, હોટેલ અને રેસ્ટોરન્ટના સંચાલકોને નોટિસ પાઠવવામાં આવી હતી. ઉપરાંત મોમાઈ ડેરી, ખોડિયાર ડેરી તેમજ મોમાઈ ડેરી એન્ડ બેકરી ખાતે દૂધના નમૂનાઓ લેવામાં આવ્યા હતા, જેમાં કોઈ શંકાસ્પદ બાબત જોવા મળી ન હતી.

ચેકિંગ દરમિયાન મીઠાઇ-ફરસાણના કેટલાક સ્થળોએ મળેલા અખાદ્ય પદાર્થોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. સાથે સાથે અંદાજે ૫૦૦ કિલોગ્રામ અખાદ્ય કલર મળી આવતા ફૂડ સેફટી ઇન્સ્પેક્ટર દ્વારા તેનો પણ તાત્કાલિક નાશ કરવામાં આવ્યો હતો. મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખાએ શહેરના તમામ ખાણીપીણીના ધંધાર્થીઓને તાકીદ કરી છે કે જેમણે હજી સુધી ફૂડ લાઇસન્સ મેળવ્યું ન હોય તેઓ તાત્કાલિક ઓનલાઈન પ્રક્રિયા દ્વારા લાઇસન્સ મેળવી લે અને સ્વચ્છતાનું ધોરણ કડક રીતે જાળવી રાખે. લાઇસન્સ કે સ્વચ્છતા ન હોવાનું જણાશે તો કાયદા મુજબ નોટિસ તથા કાર્યવાહી કરવામાં આવશે તેવી સૂચના ફૂડ શાખા દ્વારા આપવામાં આવી છે.

# મોરબીમાં મનપા દ્વારા મંજૂરી વગરના અનેકો બાંધકામોને સિલ કરાયા



## ટાઉન પ્લાનિંગ શાખાની કડક કાર્યવાહી, ગેરકાયદેસર બાંધકામો સીલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેર વિસ્તારમાં મંજુરી વગર અને નિયમ વિરુદ્ધ ચાલી રહેલા બાંધકામો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. અગાઉ નોટિસ આપ્યા છતાં બાંધકામ ચાલુ રાખનારના બાંધકામોને મહાનગરપાલિકાએ સીલ કરી દીધા છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના સુવ્યવસ્થિત અને આયોજનબદ્ધ વિકાસ માટે ગેરકાયદેસર બાંધકામ સામે સતત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા મંજુરી વગર કે નિયમો વિરુદ્ધ ચાલી રહેલા બાંધકામોને અગાઉ જરૂરી નોટિસો પાઠવવામાં આવી હતી. છતાં પણ મહાનગરપાલિકાની સૂચનાઓની અવગણના કરી બાંધકામ કાર્ય ચાલુ રાખ્યું હતું. નિયમોનું પાલન ન થતું હોવાનું ધ્યાને લેતા મહાનગરપાલિકાએ કાયદા મુજબ કડક પગલાં લઈ આવા ગેરકાયદેસર બાંધકામોને સીલ કરવાની કાર્યવાહી કરી છે. મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે મંજુરી વગર અથવા નિયમો વિરુદ્ધ કોઈપણ પ્રકારનું બાંધકામ કરનાર સામે ભવિષ્યમાં પણ કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે અને કોઈપણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં.

મહાનગરપાલિકાએ શહેરના નાગરિકોને અપીલ કરી છે કે બાંધકામ શરૂ કરતા પૂર્વે જરૂરી તમામ મંજુરી મેળવવી અનિવાર્ય છે અને શહેરના સુઆયોજિત વિકાસમાં સહયોગ આપવો નાગરિકોની સામૂહિક જવાબદારી છે.

# જામનગરના વોર્ડ નંબર ૦૮ માં ધારાસભ્ય દિવ્યેશ અકબરીના હસ્તે ૧૩૩.૦૭ લાખના ૧૨ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીના પ્રયાસોથી તેઓના વિધાનસભા વિસ્તારમાં ફરીથી વિકાસ કાર્યોની વણઝાર શરૂ થઈ છે, અને વોર્ડ નંબર ૦૮ માં વધુ ૧૩૩.૦૭ લાખના ખર્ચે ૧૨ જેટલા વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.જામનગરના ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા શહેરી વિકાસ યોજના અંતર્ગત જુદા જુદા વિકાસ કામો ની યાદી તૈયાર કરીને અલગ અલગ વિસ્તારમાં વિકાસ કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે, જેના ભાગરૂપે જામનગરના વોર્ડ નંબર ૮માં આવેલી સરદાર પાર્ક શેરી નં. ૧ અને ૨ વચ્ચેના કોમન પ્લોટમાં પેવર બ્લોકના કામનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મુરલીધરનગર, વાટલીયા પ્રજાપતિ સમાજની બાજુના કોમન પ્લોટમાં પેવર બ્લોકના કામનો પ્રારંભ કરાયો હતો.ત્યાર પછી નારણ કચરા સમાજની બાજુમાં, શેરી નં. ૨, ખોડિયાર માતાના મંદિરે ડોમ બનાવવાના કામનું ખાતમુહૂર્ત કરાવવામાં આવ્યું હતું. જે પછી કૈલાશનગર, બજરંગ પાનની સામેની સ્કૂલવાળી શેરીમાં સી.સી. રોડના કામનું ખાતમૂહુર્ત કરાયું હતું.જે પછી કૈલાશ નગર, ઢોસા હાઉસ વાળી શેરીનાછેડે આવેલા કોમન પ્લોટમાં પેવરબ્લોક ફીટ કરવાનું કામ શરૂ કરાવ્યું છે. તેમજ કૈલાશ નગર, ઉદય પાનની બાજની અને સામેની શેરીમાં સી.સી. રોડના કામનું ખાત મુહૂર્ત કરાયું છે.જે પછી મુરલીધરનગર-૧, શેરી નં.૧, મહાદેવ પ્રોવીઝન સ્ટોરની બાજુની શેરીમાં સી.સી. રોડનું કામ તેમજ મુરલીધરનગર-૧, શેરી નં.૨, ગુરુછાયા મકાનવાળી શેરીમાં સી.સી. રોડનું કામ શરુ કરાવ્યું છે.

ત્યારબાદ મોહનનગર, કોમન પ્લોટમાં નંદ ઘર પાસે પેવર બ્લોક ફીટ કરાવવાનું કામ અને બાજુમાં સી.સી. રોડનું કામ શરૂ કરાવ્યુ હતું. અને કામદાર કોલોની, ચંદુભાઈ સરવૈયાના ઘરવાળી શેરીના છેડેથી મેઈન રોડ તેમજ આડી શેરીમાં સી.સી. રોડનું કામ નું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

જામનગરમાં કામદાર કોલોની આરોગ્ય કેન્દ્રની બાજુના કોમન પ્લોટમાં પેવર બ્લોકનું કામ, જ્યારે ઓશવાળ કોલોની રોડ, લીલાશાહ ધર્મશાળા બાજુની શેરીમાં આશાપુરા બ્રાસ સુધી સી.સી. રોડના કામ નું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.ઉપરોક્ત તમામ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત સમયે ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીની સાથે જામનગર મહાનગરપાલિકાના, દંડક કેતનભાઇ નાખવા, ભારતીય જનતા પાર્ટીના શહેર અધ્યક્ષ બીનાબેન કોઠારી, મહામંત્રી વિજયસિંહ જેઠવા, મૃગેશભાઈ દવે, ભાવેશભાઈ ઠુંમર, કોર્પોરેટર તૃપ્તિબેન ખેતીયા, કેતનભાઇ ગોસરાણી, સોનલબેન કણજારીયા તથા શહેર ભાજપ ના અન્ય અગ્રણીઓ, વોર્ડ નાં. ૮ ના ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક કાર્યકરો અને સ્થાનિક અગ્રણીઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# શહીદ દિન નિમિત્તે દેશના અમર શહીદોને જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

## કલેકટર કચેરી ખાતે બે મિનિટનું મૌન પાળી શહીદ વીરોના બલિદાનને યાદ કરાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણોની આહુતિ આપનાર તમામ અમર શહીદ વીરોની સ્મૃતિમાં શહીદ દિવસ' નિમિત્તે સમગ્ર જામનગર જિલ્લામાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમો યોજાયા હતા.જામનગર જિલ્લાની તમામ સરકારી કચેરીઓ ખાતે બે મિનિટનું મૌન પાળીને રાષ્ટ્રના વીર સપૂતોને આદરાંજલિ આપવામાં આવી હતી.આ અવસરે જામનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર કેતન ઠક્કર તથા ઇ. નિવાસી અધિક કલેકટર શારદા કાથડની વિશેષ ઉપસ્થિતિમાં મૌન પાળવામાં આવ્યું હતું. કલેકટર કચેરીના તમામ ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓએ એકત્રિત થઈ દેશની આઝાદી અને સુરક્ષા માટે બલિદાન આપનાર શહીદો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.માત્ર જિલ્લા મથકે જ નહીં, પરંતુ જામનગર જિલ્લાની વિવિધ પ્રાંત કચેરીઓ,તાલુકા કચેરીઓ, મામલતદાર કચેરીઓ તેમજ અન્ય સરકારી સંસ્થાઓમાં પણ અધિકારીઓ, કર્મચારીશ્રીઓ અને ઉપસ્થિત નાગરિકો દ્વારા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત સૌ કોઈએ દેશની એકતા, અખંડિતતા અને સ્વતંત્રતાને જાળવી રાખવા માટે શહીદોના આદર્શો પર ચાલવાની અને રાષ્ટ્રસેવા માટે કટિબદ્ધ રહેવાની ભાવના વ્યક્ત કરી હતી.

# મોરબીમાં CETની પરીક્ષા સંદર્ભે જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના ૫૩ કેન્દ્રો પર રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા CET (કોમન એન્ટ્રન્સ ટેસ્ટ)ની પરીક્ષા આજરોજ તા. ૩૧/૦૧/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. આ પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તેમજ પરીક્ષાની કાર્યવાહીમાં અડચણ ન આવે તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મોરબી અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ એસ. જે. ખાચર દ્વારા પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

જાહેરનામા અનુસાર મોરબી ખાતે CETની પરીક્ષા માટે જાહેર કરવામાં આવેલ કુલ ૫૩ પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં આજરોજ તા. ૩૧/૦૧/૨૦૨૬ ના રોજ બપોરે ૧ કલાકથી ૩:૩૦ કલાક દરમિયાન ગેરરીતિ કરવાના ઈરાદાથી કે અનિયમિતતા ઉભી કરવા અને પરીક્ષા કાર્યમાં ખલેલ પાડવાના ઈરાદાથી ચાર કરતાં વધુ વ્યકિતઓએ એકત્રીત થવું નહી અથવા કોઈ સભા ભરવી નહી કે કોઈ સરઘસ કાઢવું નહીં. પરીક્ષા સ્થળે મોબાઈલ ફોન, લેપટોપ, ટેબ્લેટ, કેલ્ક્યુલેટર વાળી ઘડીયાળ તેમજ કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો લઈ જવા નહી. ઉપરાંત નિર્દીષ્ટ વિસ્તારની આસપાસ ઝેરોક્ષ અથવા લીથો કે અન્ય કોઈ રીતે પરીક્ષા કાર્યમાં ગેરરીતિ કરવા કોપીંગ વગેરે ગેરકાયદેસર કૃત્ય કરવા પર નિયંત્રણ લાદવામાં આવ્યા છે. આ પરીક્ષા હળવદની ૧૩, માળીયાની ૪, મોરબીની ૧૯, ટંકારાની ૫ અને ૧૨ શાળોમાં ઊભા કરેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લેવામાં આવશે જ્યાં ઉપરોક્ત જાહેરનામાનું પાલન કરવાનું રહેશે.

# ધ્રોલ પંથકમાંથી ૫ વર્ષની માસુમ બાળકીને ઉઠાવી જનાર ઝડપાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોળ પંથકમાં વાડી વિસ્તારમાંથી પાંચ વર્ષની બાળકીનું અપહરણ થયું હતું, અને તેણીને ઉઠાવી જનાર બાજુની વાડીમાં કામ કરતા મૂળ મધ્ય પ્રદેશના વતની કાજુ હટુ બુંદેલીયા સામે અપહરણની ફરિયાદ નોંધાવાઈ હતી, જે આરોપી બાળકીના કુટુંબી મામાને પોલીસે શોધી કાઢ્યો છે, અને બાળકીનો કબજો સંભાળી મેડિકલ તપાસણી કરાવ્યા બાદ તેના વાલીને પરત સોંપી દેવાઇ છે.ધ્રોલના વાડી વિસ્તારમાંથી પરમદીને સાંજે પાંચ વર્ષની એક શ્રમિક પરિવારની બાળકીનું અપહરણ થઈ ગયું હતું, અને બાળકીના પિતા દ્વારા ધ્રોલ પોલીસ મથકમાં પોતાની પુત્રીના અપહરણ અંગે બાજુમાં જ આવેલી એક વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા મૂળ મધ્યપ્રદેશના વતની કાજુ હટુ બુંદેલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે આરોપીને પકડવા માટે પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાઓની મદદ લેવામાં આવી હતી.ધ્રોલ પોલીસ દ્વારા સીસીટીવી કેમેરાઓ મારફતે ડબલ સવારી બાઈકમાં બાળકીને વચ્ચે બેસાડીને લઈ જતા વ્યક્તિને સીસીટીવી ફૂટેજના આધારે ધ્રોલના ત્રિકોણ બાગમાં વોચ ગોઠવી આરોપી કાજુ બુંદેલિયાને ઝડપી લીધો હતો અને તેને ધ્રોળ પોલીસ મથકમાં લઈ આવી ઘનિષ્ઠ પૂછપરછ કરવામાં આવી હતી.પોલીસની પૂછપરછ દરમિયાન પોતે બાળકીનો કુટુંબી મામો હોવાનું અને ભાણેજને ખાવાની ચીજ વસ્તુઓ લઈ દેવાની માંગણી કરી હોવાથી ધ્રોલ પંથકના ગરેડિયા ગામના એક યુવાનના મોટરસાયકલમાં લિફ્ટ માગીને પોતે પડધરી ગામે ગયો હોવાનું જણાવ્યું હતું. જ્યાં કપડા તથા અન્ય ચીજ વસ્તુઓની ખરીદી કર્યા બાદ પડધરીમાં જ એક કુટુંબીને ત્યાં રાત્રે રોકાણ કર્યું હોવાનું અને ત્યાંથી ધ્રોળ પરત આવતાં ત્રિકોણ બાગ પાસે પોલીસના હાથે ઝડપાઈ ગયો હોવાનું કબૂલ્યું હતું. ધ્રોલ પોલીસે બાળકીનો કબજો સંભાળી ધ્રોળની સરકારી હોસ્પિટલમાં તબીબી ચકાસણી કરાવવામાં આવી હતી, ત્યારબાદ બાળકીનો કબજો તેના વાલીને સોંપી દેવામાં આવ્યો છે, અને આખરે ગુમ થનાર બાળકી તેના પરિવાર પાસે હેમખેમ પહોંચી ગઈ છે.

# જામનગરમાં પકોડા ખાઈ રહેલા વૃધ્ધનું ખિસ્સું હળવું કરનાર બે તસ્કરો ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં એક એનઆરઆઈના ખિસ્સામાંથી લીમડા લાઈન પાસેથી રૂ.૩૪ હજારની રોકડ સેરવાઈ ગઈ હતી. તે ગુન્હાની તપાસમાં એલસીબીએ બે શખ્સને દબોચી લીધા છે. આ શખ્સોએ ઉપરોક્ત ચોરીની કબૂલાત આપી છે.જામનગરની જી.જી. હોસ્પિટલ પાછળ આવેલી હાટકેશ સોસાયટીમાં બ્લોક નં.૨૬માં રહેતા અને હાલમાં લંડનમાં વસવાટ કરતા વિજયભાઈ ભારદીયા નામના વૃદ્ધ ગઈકાલે બપોરે રણજીત રોડ સ્થિત બીઓબીની શાખામાંથી રૂ.૩૪ હજાર ઉપાડી પેન્ટના પાછળના ખિસ્સામાં રાખી લીમડા લાઈનના ખૂણે નાસ્તાની એક દુકાને પકોડા ખાતા હતા ત્યારે તેમના ખિસ્સામાંથી આ રકમ સેરવાઈ ગઈ હતી.આ બાબતની પોલીસમાં ફરિયાદ થયા પછી એલસીબી ટીમ પીઆઈ વી.એમ. લગારીયાની સૂચનાથી તપાસમાં જોડાઈ હતી. જેમાં કમાન્ડ કંટ્રોલ સેન્ટરના સીસીટીવી ફૂટેજ ચકાસાયા પછી સ્ટાફના મયુદ્દીન, અરજણભાઈ, ઘનશ્યામ ડેરવાડીયાને મળેલી બાતમીના આધારે જૂના રેલવે સ્ટેશન પાછળ ગીતા લોજ નજીકથી નિલકમલ સોસાયટીમાં રહેતા પરેશ ઉર્ફે પોપટ રામભાઈ ભારવડીયા અને ગણપતનગરમાં બાવ-રીવાસ પાસે રહેતા મહિપાલ ઉર્ફે મહિપત મંગલ ઉર્ફે કિરણ કોલી નામના બે શખ્સની અટકાયત કરાઈ હતી.આ શખ્સોની પૂછપરછ કરાતા તેઓએ ઉપરોક્ત રકમ સેરવી લીધાની કબૂલાત આપી છે. એલસીબીએ તે રકમ, સ્કૂટર, મોબાઈલ મળી કુલ રૂ.૧ લાખ ૧૪ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. બંને સામે જુદા જુદા પોલીસ સ્ટેશનમાં અનુક્રમે ૧૧ અને ૭ ગુન્હા નોંધાયેલા છે.

# ધોરાજી સેન્ટ્રલ બેંક ખાતે નવી ચલણી નોટનું વિતરણ કરાયું



**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી શહેરના જુનાગઢ રોડ ખાતે વહેલી સવારથી લોકોની લાંબી કટારો જોવા મળી હતી. જેમાં રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા તમામ ખાતાધારકોને નવી ચલણી નોટો આપવાની જાહેરાત કરવામાં આવી હોય જેને લઈને વહેલી સવારથી સેન્ટર બેંક ઓફ ઇન્ડિયા ખાતેલોકોની લાંબી કરતા જોવા મળી હતી હાલ માર્કેટમાં નવી ૧૦ ની તથા ૨૦ વર્ષ ચલણી નોટો ની સૉલ્ટેકજોવા મળી હોય જેને લઈને હાલ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા બેન્કોને સૂચના આપવામાં આવી હોય તે ગ્રાહકોને આ નોટોનું વિતરણ કરવું જેને લઇને સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા ખાતે આ એક ચેન્જ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું અને સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાના સ્ટાફ દ્વારા તમામ ખાતા ધારકોને નવી ચલણી નોટોઆપવામાં આવી હતી જેને લઈને ગ્રાહકમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને તમામ ખાતાધાર દ્વારા સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા નો આભાર વ્યક્ત કર્યો હતો અને મોટી સંખ્યામાં લોકો નવી ચલણી નોટો લેવા માટે ઉમટી પડ્યા હતા અને મેનેજર દ્વારા તમામને વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવી હતી

# જામનગર દ્વારા શહીદ દિવસ તથા રાષ્ટ્રીય મતદાર દિવસ નિમિત્તે સેમિનાર યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત કાર્યરત મેરા યુવા ભારત, જામનગર દ્વારા ગવર્નમેન્ટ પૉલિટેકનિક કોલેજ,જામનગર ખાતે મહાત્મા ગાંધી શહીદ દિવસ નિમિત્તે સેમિનાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના બલિદાનને યાદ કરી બે મિનિટનું મૌન પાળીને તેમને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સેમિનારમાં મહાત્મા ગાંધીના જીવનદર્શન, અહિંસા, સત્ય તથા રાષ્ટ્રીય એકતા માટેના તેમના યોગદાન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત રાષ્ટ્રીય મતદાર દિવસ અંતર્ગત યુવાઓને લોકશાહીમાં મતદાનના મહત્વ, ચૂંટણી પ્રક્રિયા, મતદાર નોંધણી, ઈવીએમ તથા વિવીપેટ સંબંધિત માહિતી આપી મતદાર જાગૃતિ ફેલાવવામાં આવી હતી. યુવાઓને લોકશાહી પ્રક્રિયામાં સક્રિય અને જવાબદાર ભાગીદાર બનવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં ગવર્નમેન્ટ પૉલિટેકનિક કોલેજના યુવાઓ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. આ આયોજન દ્વારા યુવાઓમાં રાષ્ટ્રીય મૂલ્યો, નાગરિક ફરજો તથા લોકશાહી જાગૃતિ વિકસાવવા દિશામાં મહત્વપૂર્ણ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ મૂળચંદજી દેશભ્રાંતર ના માર્ગદર્શન હેઠળ આયોજિત થયો હતો. કાર્યક્રમના સફળ આયોજનમાં હર્ષભાઈ પાંડે અને કાર્તિકભાઈ વાઘેલા ની અહમ ભૂમિકા રહી હતી, જેમના યોગદાનથી સમગ્ર કાર્યક્રમ શુભ રીતે પાર પડ્યો.મેરા યુવા ભારત જામનગર વિભાગ જિલ્લાના યુવાનોમાં રાષ્ટ્રભક્તિ, નેતૃત્વ ક્ષમતા અને સમાજપ્રતિ જવાબદારીના ભાવને વિકસાવવાનું કાર્ય કરે છે.

# હાપા-નાહરલગુન સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને હાપા-નાહરલગુન સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિશેષ ભાડા સાથે લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે

(૧) ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા-નાહરલગુન સ્પેશિયલ : જે અગાઉ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી જાહેર કરવામાં આવી હતી, તેને હવે ૩૦ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

(૨) ટ્રેન નંબર ૦૯૫૨૬ નાહરલગુન-હાપા સ્પેશિયલ : જે અગાઉ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી જાહેર કરવામાં આવી હતી, તેને હવે ૦૨ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૫૨૫ ના લંબાવવામાં આવેલા ફેરાનું બુકિંગ ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી PRS કાઉન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

# રાજકોટ જિલ્લામાં ૪ ફેબ્રુઆરી સુધી સુકું અને અંશતઃ વાદળછાયું હવામાન રહેવાની શક્યતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ૩૧ જાન્યુઆરીથી ૪ ફેબ્રુઆરી સુધીમાં સુકું તથા અંશતઃ વાછળછાયું હવામાન હવામાન રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ, તરઘડીયા દ્વારા આ આગાહી જારી કરવામાં આવી છે. આ સમયગાળામાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૨થી ૩૩ ડિગ્રી જ્યારે લઘુતમ તાપમાન રાત્રિ તાપમાન ૧૪-૧૭ ડિગ્રી જેટલું રહેવાની સંભાવના છે. મહત્તમ ભેજનું પ્રમાણ ૭૫-૮૫ ટકા તથા લઘુતમ ભેજનું પ્રમાણ ૨૫-૩૦ ટકા રહી શકે છે. પવનની દિશા ઈશાન, ઉત્તર અને પૂર્વની રહેવાની અને પવનની ઝડપ ૧૧થી ૧૪ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

# વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઓનલાઈન યોગ કાર્યક્રમનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશ્વ કેન્સર દિવસના અવસરે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા કેન્સર અંગે જાગૃતિ ફેલાવવાના હેતુસર ૪ ફેબ્રુઆરી ૨૦૨૬, બુધવારના રોજ સવારે ૭ થી ૮ વાગ્યા સુધી વિશેષ ઓનલાઈન યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.નાગરિકો આ કાર્યક્રમમાં જોડાવા માટે QR કોડ દ્વારા અથવા https://cancer-awareness-camp.vercel.app/?ref=VANDA1 પરથી રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

આ કાર્યક્રમમાં યોગ, પ્રાણાયામ, આયુર્વેદ તથા યોગ આધારિત જીવનશૈલી દ્વારા કેન્સર સામે કેવી રીતે લડી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમ YouTube Live – Gujarat State Yog Board માધ્યમથી પ્રસારિત કરવામાં આવશે, જેથી રાજ્યભરના નાગરિકો સરળતાથી જોડાઈ શકે.કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલજી વિશેષ માર્ગદર્શન આપશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યના તમામ નાગરિકોને આ મહત્વપૂર્ણ ઓનલાઈન યોગ કાર્યક્રમમાં જોડાઈ સ્વસ્થ જીવન તરફ આગળ વધવા અપીલ કરવામાં આવી છે.

# મોરબી મનપાની કાર્યવાહીઃ શહેરના હાર્દસમા વિસ્તારોમાંથી અનધિકૃત દબાણો દૂર કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખા દ્વારા શહેરના ગીચ અને મુખ્ય માર્ગો પરથી અનધિકૃત દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દબાણ દૂર થતા જાહેર માર્ગો ખુલ્લા બન્યા અને વાહન વ્યવહારને થતી અડચણ દૂર થઈ હતી.

મોરબી મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં શહેરને સુવ્યવસ્થિત રાખવા અને જાહેર માર્ગો ખુલ્લા રહે તે હેતુસર મનપાની એસ્ટેટ તથા દબાણ શાખા દ્વારા અનધિકૃત દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અભિયાન અંતર્ગત શહેરના હાર્દ સમા તથા ગીચ વિસ્તારોમાં આવેલા જાહેર માર્ગો પરથી દબાણો દૂર કરી માર્ગો ખુલ્લા કરવામાં આવ્યા હતા. મનપાની દબાણ શાખા દ્વારા નહેરુગેટથી જૂના બસ સ્ટેન્ડ રોડ, સરદારબાગથી ઉમિયા સર્કલ રોડ સહિત મોરબીના મુખ્ય અને ભારે વાહન વ્યવહાર ધરાવતા માર્ગો પરથી અનધિકૃત



દબાણો દૂર કરાયા હતા. ઉપરાંત કેનાલ રોડ ખાતે એસ.પી. રોડના નાકે આવેલી ઝૂંપડાનું દબાણ પણ દૂર કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યવાહી દરમિયાન એસ્ટેટ વિભાગ દ્વારા દબાણ કરનારાઓ પાસેથી જુદા જુદા દંડની વસૂલાત કરવામાં આવી હતી, જેમાં કુલ રૂ. ૯,૪૦૦/- દંડની રકમ વસૂલ કરવામાં આવી હતી.



સાથે સાથે લીલાપર ચોકડી પાસેથી ગેરકાયદેસર રીતે લગાવવામાં આવેલા ૪ હોર્ડિંગ તથા ૧૮ કિઓસ્ક પણ દબાણ શાખા દ્વારા દૂર કરવામાં આવ્યા હતા. મોરબી મહાનગરપાલિકાની આ કાર્યવાહીથી શહેરના મુખ્ય માર્ગો ખુલ્લા બન્યા છે અને વાહન વ્યવહારને થતી અડચણો દૂર થતાં નાગરિકોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.

# મોરબી જીલ્લામાં કાળચક્ર ફરી વળ્યું, એક જ દિવસે પાંચ અપમૃત્યુના બનાવોથી ચકચાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં એક જ દિવસ દરમિયાન મોરબી સીટી, વાંકાનેર અને ટંકારા ગ્રામ્ય એમ અલગ-અલગ વિસ્તારોમાં પાંચ અપમૃત્યુના પાંચ બનાવ નોંધાતા જીલ્લામાં શોકની લાગણી ફેલાઈ છે. જેમાં બીમારીથી કંટાળી આપઘાત, અકસ્માતે પડી જતા મોત, પાણીમાં ડૂબી જવાથી મોતની ઘટનાઓ સામે આવી છે. ત્યારે તમામ અપમૃત્યુના બનાવ અંગે સંબંધિત પોલીસ મથકે અ.મોતની નોંધ કરી પોલીસે આગળની તપાસ શરૂ કરી છે.

પ્રથમ અપમૃત્યુના બનાવ અંગે મળતી વિગતો અનુસાર, મોરબીના રવાપર રોડ ઉઓર સુભાષનગરમાં રહેતા ૫૩ વર્ષીય મહેશભાઈ ઠાકરશીભાઈ સનાવડા છેલ્લા ચાર વર્ષથી સુગર ઘટી જવાની તકલીફથી પીડાતા હતા. લાંબા સમયની બીમારીથી કંટાળીને તેમણે લાતી પ્લોટ શેરી નં.૬-૭ ની વચ્ચસ આવેલ સાવન ટ્રેક્ટર ગેરેજ ખાતે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. તેમને સારવાર માટે સરકારી હોસ્પિટલ મોરબી લાવવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી તેઓને મૃત જાહેર કર્યા હતા.

અપમૃત્યુના બીજા બનાવમાં મોરબી શહેરની અવની ચોકડી ઉમા પાર્ક સોસાયટીમાં રહેતા ૬૬ વર્ષીય ધનગૌરીબેન કપડા સુકવવા માટે છ્જ્ઞા માળે ગયા હતા. તે દરમિયાન કોઇ અગમ્ય કારણોસર તેમનો પગ લપસતા તેઓ અગાસી પરથી નીચે પડી ગયા હતા. પડવાથી તેમને શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

જ્યારે ત્રીજા બનાવમાં મોરબી સીટી બી-ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં વિદ્યુતનગર સર્કિટ હાઉસ સામે રહેતા ૨૫ વર્ષીય મનાલીબેન મોહનીસપરી ગોસાઈએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. તેમને સરકારી હોસ્પિટલ મોરબી ખાતે લાવવામાં આવ્યા બાદ ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે પોલીસે અ.મોતની નોંધ કરી ઈન્કવેસ્ટ પંચનામાં સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

ચોથા અપમૃત્યુના બનાવની પ્રલત વિગતો મુજબ, વાંકાનેર તાલુકાના સરતાનપર ગામની સીમમાં કાસા સિરામિક પાછળ આવેલા ખાણના પાણીના તળાવમાં ૧૮ વર્ષીય કલ્પેશભાઈ દિનેશભાઈ હોથા રહે. રોલસ્ટોન પોલી પ્લાસ્ટ કારખાનામાં સરતાનપર રોડ તા.વાંકાનેર મુળ રહે.નાપડા તા.ભીલોડા જી.અરવલ્લી અકસ્માતે પગ લપસી જતા પડી ગયા હતા. જેથી તેઓનું પાણીમાં ડૂબી જવાથી મોત થયું હતું. આ બનાવને પગલે વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા અ.મોતની નોંધ કરી તપાસ શરૂ કરવામાં આવી છે.

આ ઉપરાંત, ટંકારા તાલુકાના વિરપર ગામમાં રહેતા ૩૭ વર્ષીય નેહલબેન રાજેશભાઇ સવજીભાઈ બાવરવાના સાસુ જબુબેનને હાર્ટએટેક આવતા તેઓને હાથ-પગમાં સોજા ચડતા હોય તેમજ તેઓ છેલ્લા એક વર્ષથી પથારી વશ હોય અને આથી નેહલબેન તેઓની સેવા ચાકરી કરતા હોય જેના કારણે તેઓ ક્યાંય બહાર ગામ જઇ શકતા ન હોય અને સતત વિચારવાયુ કરતા હોય જેથી માનસિક તણાવને કારણે નેહલબેને પોતે પોતાની રીતે ઘઉમાં નાખવાનો પાઉડર પાણીમાં ઓગાળીને પી જતા, તેમને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાતા ત્યાં હાજર તબીબે તેઓને મરણ ગયાનું જાહેર કર્યું હતું.

# ઉનાના દેલવાડામાં દીવ ઝાપા બહારની સોસાયટીમાં ગટરના પાણી ભરાતા સ્થાનિકોમાં રોષ

## સ્થાનિક પંચાયતની ઘોર બેદરકારી - બીમારીમાં સપડાતા રહેવાસીઓ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના પંથક ના દેલવાડા ગામે દીવ ઝાપા ની બહાર આવેલ નગારા સોસાયટીમાંથી નીકળેલ ગામની મુખ્ય ગટર કે જેમાંથી દેલવાડા ગામનું ૭૦% ખરાબ પાણી ગટર મારફતે વહી રહ્યું છે તે ગટર સ્થાનિક પંચાયતે અણઆવડતના લીધે ડીવાઈડર ની જેમ જમીન થી બે ફૂટ ઊંચી બનાવેલ છે તે ગટર માંથી દરરોજ હજારો લીટર નું પાણી ઉભરાઈ ને સોસાયટીમાં બંને બાજુ ભરાઈ જાય છે જેથી સોસાયટી માં રહેતા લોકોના ઘરોમાં બીમારી ફાટી નીકળેલ છે તેથી સોસાયટીના રહેવાસીઓની વારંવાર રજૂઆત છતાંય સ્થાનિક પંચાયત ગટર સાફ કરવામાં



ઠાગાથૈયા કરી રહ્યું છે અને ત્યાં દુકાનો ધરાવતા વેપારીઓ પણ ત્રાહિમામ પોકારી ગયા છે જેથી ગામની મુખ્ય ગટરને યોગ્ય પ્લાન મુજબ ઊંડી કરી તેની દરરોજ માટે સફાઈ કરવામાં આવે તેવી લોક માંગણી છે.

# ટંકારા વિરપર નજીક ક્રેટા કારની ઠોકરે રીક્ષા ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં માર્ગ અકસ્માતમાં વધુ એક મૃત્યુનો બનાવ સામે આવ્યો છે, જેમાં રાજકોટ-મોરબી હાઈવે ઉપર વિરપર ગામ નજીક એક સીએનજી રીક્ષાને ક્રેટા કારે હડફેટે લેતા, રીક્ષા ચાલકને માથાના ગંભીર ઇજાઓ પહોંચતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નિપજ્યું હતું. ત્યારે અકસ્માત અંગે મૃતકના પત્નીની ફરિયાદને આધારે પોલીસે ક્રેટા કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, મોરબીના વજેલર શેરી નં.૧૫ માં રહેતા માલતીબેન જયંતીભાઈ નરશીભાઈ ખાણધર ઉવ.૩૨ વાળાએ ટંકારા પોલીસ મથકમાં અકસ્માત સર્જનાર આરોપી ક્રેટા રજી.નં. જીજે-૨૦-સીબી-૭૭૭૭ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જે ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત તા.૨૩/૦૧ના રોજ માલતીબેનના પતિ જયંતીભાઈ પોતાની સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૦૩-એડબલ્યુ-૦૨૪૬ લઈને મિતાણા ગામથી મોરબી આવી રહેલ હોય તે દરમિયાન વિરપર ગામ દ્વારકાધીશ હોટલ પાસે ક્રેટા કારના ચાલકે પોતાનું વાહન બેદરકારી અને પુર ઝડપે ચલાવી આવી રીક્ષાને હડફેટે લેતા, રીક્ષા ચાલક જયંતિભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેમનું સ્થળ ઉપર જ મૃત્યુ નીપજ્યું હતું. હાલ ટંકારા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને બે વર્ષની કેદ, ડબલ રકમ અને વ્યાજ ચૂકવવાનો મોરબી કોર્ટનો આદેશ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી કોર્ટે ચેક રિટર્ન કેસમાં આરોપીને દોષિત ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. સાથે ચેકની રકમની ડબલ રકમ રૂ. ૨,૨૦,૦૦૦/- દંડ તથા વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે ફરીયાદીને વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

કેસની ટૂંકી હકીકત મુજબ, ફરીયાદી મનીષાબેન હરસુખભાઈ હળવદીયા અને આરોપી કોશીકભાઈ બાબુભાઈ ગોહેલ એકબીજાને ઓળખતા હતા અને તેઓ મિત્ર હતા. ત્યારે વર્ષ ૨૦૨૪માં આરોપીએ અંગત જરૂરિયાત માટે રૂ. ૧,૧૦,૦૦૦/- હાથ ઉછીના લીધા હતા અને સિક્યુરિટી માટે ચેક આપ્યો હતો. જે બાદ ફરીયાદીએ ચેક પોતાના ખાતામાં જમા કરાવતા ''ફંડ ઈનસફિશિયન્ટ''ના શેરા સાથે ચેક



પરત ફર્યો હતો. જે બાદ કાયદેસર નોટિસ આપ્યા છતાં આરોપીએ રકમ ચૂકવેલ ન હોવાથી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ-૧૩૮ હેઠળ મોરબી કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ત્યારે આ કેસ મોરબીની એડિશનલ સિનિયર સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટમાં ચાલી જતા જ્યાં આ કેસની સુનાવણી દરમિયાન ફરીયાદપક્ષે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. કોર્ટે તમામ પુરાવા અને દલીલો બાદ આરોપી કોશીકભાઈ બાબુભાઈ ગોહેલને દોષિત ઠરાવી બે વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. ઉપરાંત ચેકની રકમ રૂ. ૧,૧૦,૦૦૦/-ની ડબલ રકમ રૂ. ૨,૨૦,૦૦૦/- દંડ તથા રૂ. ૧,૧૦,૦૦૦/- પર વાર્ષિક ૯ ટકા વ્યાજ સાથે વળતર તરીકે ફરીયાદીને ચૂકવવાનો હુકમ કર્યો છે. દંડ અને વળતર ચૂકવવામાં નિષ્ફળ રહેશે તો આરોપીને વધુ ૯૦ દિવસની સાદી કેદ ભોગવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

આ કામે મોરબીના પ્રખ્યાત વકીલ ડી.આર.અગેચણીયા, જે.ડી.અગેચણીયા, રવિ.ડી.ચાવડા, મહેશ્વરી મકવાણા, ક્રિશ્નના બેન, કનેયાલાલ બાવરવા રોકયેલા હતા.

# જામનગર મનપાનું રૂ.૧૩૬૩.૮૬ કરોડનું ભવ્ય બજેટ : બ્રિજ, આવાસ અને પર્યાવરણલક્ષી સુવિધાઓ પર મૂકાયો ભાર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરે વર્ષ ૨૦૨૬-૨૭ માટે રૂ. ૧૮૬૦ કરોડનું ડ્રાફ્ટ બજેટ સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કર્યું છે. આ બજેટમાં નાગરિકો પર વિવિધ વેરા વધારાનો બોજ સૂચવવામાં આવ્યો છે.આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે સૂચવેલા નવા કરદરમાં વાહનવેરો, વોટર ચાર્જ, સોલિડ વેસ્ટ ચાર્જ, એન્વાયરમેન્ટ-ઈમ્પ્રુવમેન્ટ ગ્રીનરી ચાર્જ, ભૂગર્ભ ગટર હાઉસ કનેક્શન ચાર્જ અને ફાયર ચાર્જમાં વધારો સામેલ છે.આ ઉપરાંત, રણમલ તળાવ એમ્યુઝમેન્ટ પાર્ક, રણમલ તળાવ જોગિંગ-વોકિંગ, રણજીતસાગર પાર્ક અને સિટી મ્યુઝિયમની પ્રવેશ ફીમાં પણ વધારો સૂચવાયો છે. સ્ટ્રીટ લાઈટ ચાર્જમાં પણ વધારો પ્રસ્તાવિત છે. આ તમામ વેરા વધારાને કારણે નાગરિકો પર કુલ રૂ. ૯.૧૦ કરોડનો વધારાનો કરબોજ આવશે. આ ડ્રાફ્ટ બજેટ અને સૂચવેલા વેરા વધારા અંગે આગામી જનરલ બોર્ડની બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.આગામી સમયમાં, સ્થાયી સમિતિ દ્વારા બજેટમાં સુધારા-વધારા કરવામાં આવશે અને ત્યારબાદ તેને જનરલ બોર્ડ સમક્ષ રજૂ કરાશે. અંતિમ મંજૂરી માટે, જામનગર મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૬-૨૭નું બજેટ સુધારા-વધારા સાથે સામાન્ય સભામાં રજૂ કરી મંજૂર કરવામાં આવશે.

# વાંકાનેરના વઘાસીયા ટોલ પ્લાઝાએ ટોલ ન ભરી ટ્રકો કઢાવવા અંગે ફરિયાદ

## વારંવાર બેરિકેટ તોડી ટોલ ભર્યા વગર ચાલ્યા જતા ડમ્પર ચાલક વિરુદ્ધ પણ ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના વઘાસીયા ટોલ પ્લાઝા પર સ્થાનિક શખ્સ અને એક ટ્રક ચાલક દ્વારા વારંવાર ટોલ ન ભરી બેરિકેટ ખસેડી ટ્રકો પસાર કરાવવાની, સ્ટાફ સાથે બોલાચાલી અને ધમકી આપવાની ઘટના સામે આવી છે. ટોલ પ્લાઝાના મેનેજરે આ મામલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, વાંકાનેર તાલુકાના વઘાસીયા ટોલ પ્લાઝા ખાતે મેનેજર મુકેશકુમાર નિર્ભયકુમાર સુધાંશુ ઉવ.૩૭ રહે.સાઈનાથ એપાર્ટમેન્ટ વાંકાનેર મુળરહે. જિતન બિગહા ગામ તા. ફતેહપુર જી.અરવલ (બિહાર) વાળાએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી જયરાજસિંહ હરસિધ્ધિ હોટલ વાળા રહે. વાઘસિયા ગામ તા.વાંકાનેર તથા ડમ્પર રજી.નં. જીજે-૩૬-વ-૫૨૦૮ના ચાલક વિરુદ્ધ આપવામાં આવેલી ફરિયાદ મુજબ, ડિસેમ્બર ૨૦૨૫થી જાન્યુઆરી ૨૦૨૬ દરમ્યાન અનેક વખત આરોપી જયરાજસિંહ દ્વારા ટોલની રકમ ચૂકવ્યા વગર ટ્રકો જબરદસ્તી પસાર કરાવવામાં આવ્યા હતા તથા ટોલ બુથના કર્મચારીઓ સાથે ગાળાગાળી, ધમકી અને બોલાચાલી કરતા હતા. જ્યારે બીજો આરોપી ડમ્પર ટ્રકનો ચાલક અવારનવાર પુરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી ટોલ બેરિકેટ તોડી ટોલ ભર્યા વગર નાશી જતો હતો.

ત્યારે બન્ને આરોપીઓને ટોલ પ્લાઝના સંચાલક દ્વારા વારંવાર સમજાવવા છતાં, દાદાગીરી ચાલુ રહેતા અંતે પોલીસ ફરિયાદ કરાઈ છે. હાલ વાંકાનેર સીટી પોલીસે બન્ને આરોઈઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુમશુદાની જાણ કરવા અંગે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં રાજીવનગર ખાતે રહેતા દિનેશભાઈ વીરાભાઈ વાઘેલા (ઉ.વ.૫૨) તા.૧૫/૧/૨૦૨૬ના રોજ પોતાના ઘરેથી નીકળી ગયેલ છે. તેમણે સફેદ અને લાલ રંગનો શર્ટ અને કાળા રંગનું પેન્ટ પહેરેલ છે.ગુમ થનાર વિશે માહિતી મળે તો સુરેન્દ્રનગર પોલીસને જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

# માળીયા(મી)ની ભીમસર ચોકડી નજીક અકસ્માત, આઈસરની હડફેટે માતાનું મોત, પુત્રનો પગ કાપવો પડ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)ની ભીમસર ચોકડી નજીક રોડ ઓળંગી રહેલા માતા-પુત્રને આઈસરે હડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં માતાનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું, જ્યારે પુત્રને ગંભીર ઈજાઓ થતા માળીયા(મી), મોરબી, રાજકોટ બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન પગ કાપવો પડ્યો હતો. આ કરૂણ અકસ્માતના બનાવ અંગે આઈસર ચાલક વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

માળીયા(મી) તાલુકાના ભીમસર ચોકડી નજીક ગત તા.૨૪/૧૨/૨૦૨૫ના રોજ એક કરૂણ અકસ્માત થયો હતો. જેમાં રોડ ક્રોસ કરી રહેલા સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા ગામે રહેતા દિલશાનાબેન સલીમભાઈ ભાડુલા ઉવ.૩૫ તથા તેમનો પુત્ર સિકંદર સલીમભાઈ ભાડુલા ઉવ.૧૭ને એક આઈસર વાહન રજી.નં. જીજે-૨૭-ટીજી-૮૭૮૧ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી હડફેટે લીધા હતા. અકસ્માતમાં માતા દિલશાનાબેનના પેટ ઉપરથી આઈસરનું વ્હીલ ફરી વળતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે પુત્ર સિકંદરને માથા, હાથ-પગમાં ગંભીર ઈજાઓ થતાં પ્રથમ માળીયા(મી), મોરબી ત્યારબાદ રાજકોટ અને અંતે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સ્થિતિ ગંભીર બનતા સિકંદરનો જમણો પગ કાપવો પડ્યો હતો. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ મામલે ફરિયાદી પિતા સલીમભાઈ મુસાભાઈ ભાડુલા ઉવ.૪૦ દ્વારા માળીયા(મી) પોલીસ મથકમાં આરોપી આઈસર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરિધ બીએનએસ તથા એમવી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં બીજા દિવસે ધુમ્મસ છવાયું

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજે સતત બીજા દિવસે પણ ધુમ્મસ ભર્યું વાતાવરણ છવાયેલું રહ્યું હતું. રાજકોટ સહિત અનેક સ્થળોએ મોડી સવાર સુધી ધાબડ છવાયેલું રહ્યું હતું અને સૂર્યદેવતા ગાયબ જેવા રહ્યા હતા. જ્યારે, આજે હવામાન પલ્ટાની અસરરૂપે અરવલ્લી જિલ્લાનાં માલપુર અને મેઘરાજમાં કમોસમી ઝાપટા પણ વરસ્યા હતા. વધુમાં સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ જામનગર શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ઠંડીના પારો ૧૫.૫ ડિગ્રી ઉપર પહોંચતા શહેરીજનોને ઠંડીમાં રાહત મળી છે. મહતમ તાપમાનમાં પણ ૧.૫ ડિગ્રીના વધારા સાથે ૨૬.૫ ડિગ્રી નોંધાયું છે.સવારે હવામાં ભેજનું પ્રમાણ એકદરે ઘટ્યું છે. ૫૬ ટકા ભેજ સાથે ૬.૪ કિલોમીટરની ઝડપે પવન ફુંકાયો હતો. સતત બીજા દિવસે બપોરે તાપમાન ઉંચકાઈ ૧.૫ ડિગ્રી સુધી પહોચી જતા શહેરીજનોએ બપોરે ગરમીનો અનુભવ કર્યો હતો. પૂર્વ-દક્ષિણના પવન ફુંકાવાના કારણે આગામી બે દિવસ સુધી હજુ તાપમાન વધવાની શક્યતા છે.

# પરિણીતાને મરવા મજબૂર કરવાના કેસમાં આરોપીઓને શંકાનો લાભ આપી મોરબી કોર્ટે નિર્દોષ જાહેર કર્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં પરિણીતાના આપઘાત મામલે સાસરી પક્ષ સામે નોંધાયેલા કેસમાં પૂરતા પુરાવાના અભાવે મોરબી સેશન્સ કોર્ટે તમામ આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કરવામાં આવ્યો છે. મોરબી સેશન્સ કોર્ટમાં ચાલતા પરિણીતાના આપઘાત કેસમાં કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે. કેસની ટૂંકી હકીકત મુજબ ફરીયાદીની દીકરીના લગ્ન તા. ૨૫/૦૨/૨૦૨૦ના રોજ મોરબી ખાતે આરોપી મહેશભાઈ નાનજીભાઈ ચૌહાણના દીકરા દીપકભાઈ સાથે થયા હતા. ફરીયાદપક્ષે આરોપ લગાવ્યો હતો કે સાસુ, નણંદો અને દિયર દ્વારા રસોઈ તથા કરિયાવર બાબતે દીકરીને માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હતો, જેના કારણે તેણીએ તા. ૨૪/૧૨/૨૦૨૦ના રોજ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ મામલે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા કલમ ૩૦૬, ૩૨૩, ૪૯૮(એ) તથા ૧૧૪ હેઠળ કેસ ચલાવવામાં આવ્યો હતો. કેસની સુનાવણી દરમિયાન આરોપી પક્ષના વકીલ મોરબીના ધારાશાસ્ત્રી દિલીપભાઈ અગેચણીયા દ્વારા સુપ્રીમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટના અલગ અલગ ચુકાદાઓ રજૂ કરીને દલીલ કરી હતી કે આપઘાત માટે સીધી ઉશ્કેરણી, મદદગારી અથવા બનાવના તુરંત પૂર્વે થયેલી ક્રૂરતા સાબિત થવી જરૂરી છે, જે હાલના કેસમાં પુરાવાથી સાબિત થતી નથી. જે દલીલોને ગ્રાહ્ય રાખી મોરબી સેશન્સ કોર્ટે આરોપીઓ સામે ગુનો પુરવાર ન થતાં શંકાનો લાભ આપી તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપી પક્ષ તરફથી મોરબીના જાણીતા વકીલ ડી.આર. અગેચણીયા સહિતની વકીલ ટીમ રોકાયેલ હતી.

# મોરબીમાં બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત ધોરણ ૧૦ અને ૧૨ની તેજસ્વી દીકરીઓનું સન્માન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી બેટી બચાવો બેટી પઢાવો યોજના હેઠળ દીકરીઓના શિક્ષણને વેગ આપવા અને સમાજમાં દીકરીઓ પ્રત્યે સકારાત્મક દ્રષ્ટિકોણ કેળવવાના ઉદ્દેશ્ય સાથે સરકારની પહેલ કરવામાં આવી છે. જેના ભાગરૂપે માર્ચ-૨૦૨૫માં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં પોતાની શાળા કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે કલેક્ટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને સરકારી શાળાની તેજસ્વી દીકરીઓને એજ્યુકેશન કીટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન દીકરીઓ ઉચ્ચ શિક્ષણ તરફ વધુ ઉત્સાહ સાથે આગળ વધે તેવા હેતુથી




કલેક્ટરના હસ્તે પ્રતીકાત્મક રૂપે પાંચ દીકરીઓને એજ્યુકેશન કીટ અર્પણ કરવામાં આવી હતી. આ અવસરે ઉપસ્થિત દીકરીઓને પ્રોત્સાહિત કરતા કલેક્ટર કે.બી. ઝવેરીએ જણાવ્યું હતું કે, ''શિક્ષણ એ દીકરીઓના સશક્તિકરણનું સૌથી મોટું શસ્ત્ર છે. દીકરીઓ માત્ર ભણે એટલું જ નહીં, પરંતુ શિક્ષણ પ્રાપ્ત કરી આત્મનિર્ભર બને અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પોતાનું યોગદાન આપે તે અત્યંત અનિવાર્ય છે.'' તેમણે તમામ દીકરીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી એન.એસ. ગઢવી, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી.કે. શ્રીવાસ્તવ, જીલ્લા મહિલા અને બાળ અધિકારી જલ્પાબેન ત્રિવેદી અને જીલ્લા રોજગાર અધિકારી મનિશાબેન સાવનિયા તથા વિદ્યાર્થીનીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ખુન કા બદલા ખુન જેવા બનાવમાં આરોપીને જામીન મુક્ત કરતી ગુજરાત હાઈકોર્ટ

**આ કેસમાં આરોપી વતી ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ મહમદઝૈદ સૈયદ તથા અરબાઝખાન પઠાણ તેમજ રાજકોટના વકિલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર તેમજ મોરબીના વકિલ હિરલબેન નાયક રોકાયેલ હતા**


રૂપરાજસિંહ પરમાર (આરોપી ના એડવોકેટ)


મોહમ્મદ ઝૈદ સૈયેદ (એડવોકેટ ગુજરાત હાઈ કોર્ટ)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બનાવની વિગત એવી છે કે, ફરીયાદી અંકુરભાઈ રાજેશભાઈ ગોહિલ દ્વારા તારીખ ૨૦/૦૫/૨૦૨૧ના રોજ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં આ કેસના આરોપી સોહિલ નૂરમોહમ્મદભાઈ કાબરા સહિત છ લોકો વિરુદ્ધ ફરીયાદીના ભાઈ રાહુલના ખુન થયા અંગેની ફરીયાદ આપેલ હતી.

આ કેસની આક્ષેપિત વિગત એવી છે કે, અગાઉ તારીખ ૧૫/૧૧/૨૦૧૯ના રોજ રાજકોટ આર.ટી.ઓ ઓફિસની અંદર સોહિલ પાયક નામના યુવાનની કનુ ઉર્ફે અમરશીભાઈ, નિતિન માધવજી તેમજ ગુજરનાર રાહુલ સહિતના લોકોએ હત્યા નિપજાવેલ હોવાના આરોપસર બનાવ બાદ આરોપીઓની ધરપકડ થયેલ અને જેલ હવાલે કરવામાં આવેલ જે પૈકી રાહુલ રાજેશભાઈ ગોહિલ તથા નિતિન માધવજીભાઈ ડાભી જામીન મુક્ત થતાં આ ખુનના બનાવનો ખાર રાખી ગુજરનાર રાહુલભાઈ તથા નિતિન માધવજીભાઈ ડાભી ટ્રક લઈને વાંકાનેર તાલુકાનાં મહિકા ગામે મચ્છુ નદિમાથી રેતી ભરવા જતા હોવાની માહિતી મળેલ જેથી હાલના કેસના આરોપી અને આર.ટી.ઓમાં થયેલ ખુનના કેસના ફરીયાદી એવા એજાજ પાયક તેમજ તેમના મિત્રોએ અગાઉથી પુર્વઆયોજીત કાવત્રુ રચી રસ્તામાં ટ્રક આડે ઈનોવા કાર નાખી રસ્તામાં ટ્રક રોકી ટ્રકની આગળના ભાગે કાચમાં પથ્થરોના ઘા કરી કાચ તોડી નાખેલ ત્યારબાદ ટ્રકમાં રહેલ રાહુલ તથા નિતિનને ટ્રકમાથી બહાર ખેંચી લીધેલ ત્યારબાદ છરી, પાઈપ જેવા જીવલેણ હથિયારો તેમજ ટ્રકમાં રહેલ ટોમી વતી રાહુલભાઈ તથા નિતિન માધવજીભાઈ ડાભી પર એજાજના ભાઈ નો ખુનનો બદલો લેવા માટે જીવલેણ હુમલો કરેલ હતો જેથી રાહુલ દોડીને થોડે દુર એક વાડી-ખેતર તરફ જતાં તેમની પાછળ આરોપીઓએ જઈ ગુજરનાર રાહુલભાઈને ગળાના ભાગે તેમજ બન્ને ગાલ ઉપર દાઢી ઉપર તથા પડખામાં છરીના ઘણાબધા ઘાની ઈજાઓ પહોચાડી આરોપીઓ ત્યાથી જતાં રહેલ ત્યારબાદ નિતિન માધવજીએ બનાવ સ્થળ પર આવી જોતાં રાહુલ મરણ ગયેલ હાલતમાં ત્યાં પડેલ હતો અને નિતિન માધવજીભાઈ ડાભીને પણ જીવલેણ ઈજાઓ થયેલ હતી ત્યારબાદ ગુજરનાર રાહુલભાઈના ભાઈ અંકુરભાઈની ફરીયાદ પરથી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં હત્યા સહિતની કલમોનો ગુન્હો નોંધાયેલ હતો ત્યારબાદ વાંકાનેર તાલુકા પોલીસે આરોપીઓની ધરપકડ કરેલ અને ધરપકડ કરેલ આરોપીઓ પાસેથી પોલીસે લોહીવાળા હથિયાર, લોહીવાળા કપડાં તેમજ ઈનોવા ગાડી વિગેરે મુદામાલ કબ્જે કરેલ અને મોરબી જેલ હવાલે કરેલ હતા જેલમાં રહેલ આરોપીઓ પૈકી આરોપી સોહિલ નૂરમોહમ્મદભાઈ કાબરાએ તેમના વકિલ મારફત જામીન અરજી દાખલ કરતાં સદરહુ જામીન અરજી નામ.ગુજરાત હાઈકોર્ટમાં ચાલી જતાં આરોપીપક્ષ દ્વારા કરવામાં આવેલ વિસ્તૃત દલીલો, ફરીયાદીપક્ષની દલીલો તેમજ કેસના સંજોગોને ધ્યાને રાખી ગુજરાત હાઈકોર્ટ દ્વારા સોહિલ નૂરમોહમ્મદભાઈ કાબરાને જામીનમુક્ત કરતો હુકમ કરેલ હતો.

આ કેસમાં આરોપી સોહિલ નૂરમોહમ્મદભાઈ કાબરા વતી ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ મહમદઝૈદ સૈયદ તથા અરબાઝખાન પઠાણ તેમજ રાજકોટના વકિલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર તેમજ મોરબીના વકિલ હિરલબેન નાયક રોકાયેલ હતા.

# ઉપલેટામાં ધ્રુણાસ્પદ ઘટનાઃ સગા બાપે ચાર વર્ષમાં અનેકવાર પુત્રીને હવસનો સીકાર બનાવી

**પત્ની કેન્સરગ્રસ્ત થયા બાદ સગીર પુત્રી પર નજર બગાડી, પોલીસે આરોપી પિતાને ઝડપી પાડ્યો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ઉપલેટામાં રહેતી એક યુવતીએ તેના જ સગા પિતા સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. તેણીની ઉંમર જ્યારે ૧૫ વર્ષની હતી ત્યારથી તેના પિતાએ તેના પર નજર બગાડી હતી અને ચાર વર્ષ સુધી શારીરિક શોષણ કર્યાની ફરિયાદ નોંધાવી છે. પીડિતાની માતા કેન્સરગ્રસ્ત થયા બાદ પિતાએ તેણી પર નજર બગાડી હતી. પુત્રીની ફરિયાદ બાદ પોલીસે દિવ્યાંગ પિતાની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટામાં રહેતી પુખ્તવયની યુવતીએ સગા પિતાએ આચરેલા રાક્ષસી કૃત્યની વિગતો આપતા પોલીસના પગ નીચેથી પણ થોડા સમય માટે જમીન સરકી ગઈ હતી. યુવતીએ પોલીસને



જણાવ્યું હતું કે, માતાને ચોથા સ્ટેજનું કેન્સર છે અને તેઓ છેલ્લા ચારેક વર્ષથી પથારીવશ છે. જ્યારે તેનો ૪૦ વર્ષીય પિતા દિવ્યાંગ છે.માતા કેન્સરની બીમારીમાં સપડાઈ પથારીવશ થતાં પિતાની નિયત બગડતા પીડિતા ૧૫ વર્ષની હતી ત્યારે પિતાએ પ્રથમવાર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું.

બાદમાં સતત સગીરાનો દેહ પીંખવાનું ચાલુ રાખ્યું હતું. પુત્રી જ્યારે પણ આ બાબતનો વિરોધ કરે તો પિતા મારકૂટ કરી બળજબરીપૂર્વક સગીરા પર દુષ્કર્મ ગુજારી પોતાની હવસ સંતોષી લેતો હતો. માતા પથારીવશ હોય અને કેન્સરની ગંભીર બીમારીથી પીડાતી હોય સગીરા મૂંગા મોઢે રાક્ષસી કૃત્ય સહન કરવા મજબૂર બની હતી. બાદમાં પિતાએ સતત આબરૂ લૂંટતા કંટાળીને અંતે પુત્રીએ ઉપલેટા પોલીસ સ્ટેશન પહોંચી પિતાએ આચરેલા કૃત્યની વિગત આપતા પોલીસે દિવ્યાંગ પિતા વિરુદ્ધ દુષ્કર્મ, પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચારેક વર્ષ પૂર્વે ભોગ બનનાર યુવતીના માતા કેન્સરની બીમારીમાં સપડાયા હતા. તેમને ચોથા સ્ટેજનું કેન્સર હોવાનું સામે આવ્યા બાદ સતત મગજની આચકીઓ આવતી હોય તેઓ હાલ માનસિક રીતે પણ અસ્થિર હોવાનું પોલીસની તપાસમાં સામે આવ્યું છે. માતા પથારીવશ થયા બાદ હેવાન પિતાની પુત્રી ઉપર જ નજર બગડી હતી અને તેણે સતત ચાર વર્ષ સુધી પુત્રીનો દેહ પીંખી પોતાની હવસ સંતોષી હોવાનું સામે આવ્યું છે.

# રાજસ્થાનથી રાજકોટ ભૂલથી પહોંચેલી પીડિતાની વ્હારે આવી અભયમ ૧૮૧ની ટીમ

**યુવતીનું અભયમ ટીમે કાઉન્સિલિંગ કરી પરિજનોને કરી જાણઃ ભૂલા પડેલા બહેનને પરિજનો લેવા આવે ત્યાં સુધી સુરક્ષિત આશ્રય અપાવતી ૧૮૧ અભયમ ટીમ**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એક સજજન વ્યક્તિ નો ૧૮૧મહિલા હેલ્પલાઇન પર ફોન આવેલ જેમાં તેમણે જણાવેલ એક બહેન મળી આવેલ હોવા થી બહેન ની મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર કોલ કરી ને મદદ માંગેલ.

સજજન વ્યક્તિ નો કોલ આવતા ની સાથે ૧૮૧ ટીમ બહેન ની મદદ માટે રવાના થયેલ. જેમાં સ્થળ પર પહોંચી ને સજજન વ્યક્તિ સાથે વાતચીત કરી સમસ્યા જાણેલ જેમાં સજજન વ્યક્તિ એ જણાવેલ એક બહેન છેલ્લાં ૪ દિવસ થી રોડ પર બેસેલ હોય , અને રડતા હોય, વ્યક્તિ એ જણાવેલ બહેન ગભરાયેલા છે જેમાં ત્રાહિત વ્યક્તિ એ બહેન ને પાણી પીવડાવેલ અને ત્યાર બાદ બહેન ની મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર ફોન કરેલ.

જેમાં ૧૮૧ ટીમ એ સ્થળ પર



બહેન ને આશ્વાશન આપેલ અને બહેન સાથે વાત કરતા જાણવા મળ્યું કે તેઓ મૂળ રાજસ્થાન રાજ્યના અજમેર જિલ્લા ના રહેવાશી હોય, અને તેમના લગ્ન ને ૧૫ વર્ષ થયેલ હોય, એને સંતાન મા ૨ બાળકો હોય , અને બહેન ને ભૂલવાની બીમારી હોય, ઘણાં સમય થી પતી સાથે ઝગડાઓ ચાલતા હોય આથી કંટાળીને તેઓ ઘરે થી નીકળી ગયેલ હોય, અને ભૂલ થી રાજકોટ પહોંચી ગયેલ હોય , પોતાનાં ઘરનું સરનામું વ્યવસ્થિત યાદ ન હોય, તથા કોઈનો મોબાઇલ નંબર પણ યાદ ના હોય, અને તેમની પાસે પૈસા પણ ના હોય, આથી છેલ્લાં ૪ દિવસ થી તેઓ રોડ પર ભટકતા હોય, અને ઘર નું સરનામું પણ યાદ ન હોય, ત્યાર બાદ ૧૮૧ ટીમ એ રાજસ્થાન પોલીસ સાથે સંપર્ક સાધી, બહેન ના ઘરના વિસ્તાર ની જાણકારી મેળવી, અને તેમના વિસ્તારના ચોકી ઇન્ચાર્જ સાથે ટેલિફોનની સંકલન કરી, બહેન ના પતી નો સંપર્ક કર્યો, ત્યારબાદ તેમને બનાવ ની ચર્ચા કરી, તેથી બહેન ના પતી તેમને લેવા માટે રાજસ્થાન થી નીકળી ગયેલ હોય , તેથી બહેન ના સુરક્ષિત આશ્રય ની વ્યવસ્થા માટે તેમને સખી વન સ્ટોપ સેન્ટર પર આશ્રય અપાવ્યો હોય, બહેનને સલાહ સૂચનોને માર્ગદર્શન આપેલ હોય તથા ત્યાં જરૂર જણાયે ૧૧૨ હેલ્પ લાઇન પર ફોન કરવા જણાવેલ, બહેન ને સુરક્ષિત આશ્રય અપાવેલ તથા તેમના પરિવાર નો સંપર્ક કરાવવા બદલ બહેન તથા તેમના પરિવારજનોએ ૧૮૧ ટીમ નો આભાર વ્યક્ત કરેલ.

# સુરેન્દ્રનગરમાં સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી SMCનો દરોડોઃ ૧.૫૦ કરોડનો દારૂ ઝડપાયો

**હરિયાણાથી ગુજરાતમાં દારૂ પહોંચતા જ SMC ત્રાટકી, ટ્રકમાં કવરિંગ પ્લાયબોર્ડની આડમાં સંતાડેલી ૩૩,૮૧૬ બોટલ સાથે ડ્રાઈવર પકડાયો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સુરેન્દ્રનગર જિલ્લાના માલવણ ગામ નજીક આવેલી આલીશાન હોટલમાં પાર્ક કરેલી ટ્રકમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. હરિયાણાથી ટ્રકમાં કવરિંગ પ્લાયબોર્ડની આડમાં દારૂની ૩૩,૮૧૬ બોટલ સંતાડી ગુજરાતમાં ઘૂસાડવામાં આવી રહ્યો હતો ત્યારે જ SMC ત્રાટકી હતી. પોલીસે દોઢ કરોડના દારૂ સાથે ડ્રાઈવરની ધરપકડ કરી છે.

SMC દ્વારા ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ કરાયેલા આ દરોડામાં રૂ. ૧,૫૦,૪૮,૮૦૦ની કિંમતની દારૂની ૩૩,૮૧૬ બોટલ મળી આવી હતી. આ દારૂ હરિયાણાના જુંડલ તેમજ જટવારમાં લિકર પ્રાઈવેટ લિમિટેડ તેમજ ઓએસિસ કોમર્શિયલ પ્રાં.લિમિટેડમાં બનાવવામાં આવ્યો હતો.



આ દારૂ હરિયાણાથી ટ્રકમાં કવરિંગ પ્લાયબોર્ડની આડમાં ભરી ગુજરાતમાં ઘૂસાડવામાં આવ્યો હતો. જોકે, આ ટ્રક સુરેન્દ્રનગરના માલવણ ગામ નજીકની હોટલમાં પાર્ક કરવામાં આવ્યો હતો. જ્યાં SMCની ટીમે દરોડો પાડી દારૂ સાથે ટ્રક ચાલકને ઝડપી પાડ્યો હતો.

દારૂ ઉપરાંત, પોલીસે રૂ. ૧૫,૦૦,૦૦૦ની કિંમતનો એક ટર્બો ટ્રક, રૂ. ૫,૦૦૦નો એક મોબાઈલ ફોન અને રૂ. ૩,૦૦,૦૦૦ની કિંમતના કવરિંગ પ્લાયબોર્ડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આમ, કુલ રૂ. ૧,૬૮,૫૩,૮૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ કેસમાં પોલીસે ઓરૈયા (ઉત્તર પ્રદેશ)ના રહેવાસી ટ્રક ચાલક સત્યેન્દ્ર પાલ બલવીરસિંગની ધરપકડ કરી છે. આ ઉપરાંત, દારૂના રિસીવર તરીકે સુરેન્દ્રનગરના ગેડિયા ગામના બિલકીસબાનુ હનીફખાન મલેક અને ઈસ્માઈલખાન બિસ્મીલાખાન મલેક, ઝેઝરી ગામના અકીબખાન ઈલમખાન મલેક તેમજ દારૂના સપ્લ-ાયર તરીકે ઉદયપુર, રાજસ્થાનના પ્રીતમસિંગ સહિત ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

આ દરોડો પ્રતિબંધ અધિનિયમની કલમો 65 (A)(E), 81, 83, 98 (2), 116 B) અને ભાર-તીય ન્યાય સંહિતા -૨૦૨૩ની કલમો 111(2)b, 111(3)(4) હેઠળ નોંધવામાં આવ્યો છે. ઝડપાયેલા આરોપીને વધુ કાર્યવાહી માટે બજાણા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી SMCના પીએસઆઈ આર.જી. વસાવા અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# શહેર પોલીસ દ્વારા પાંચમો વાર્ષીક રમતોત્સવ યોજાયોઃ વિજેતા ટીમને મેડલ અને ટ્રોફી એનાયત









**પોલીસમાં માનસીક અને શારીરીક ફિટનેસ જળવાઈ રહે તે માટે રમત-ગમત મહોત્સવ જરૂરીઃ પોલીસ કમિશનર**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ દ્વારા પાંચમો રમતોત્સવ ૨૦૨૫-૨૬ની ક્લોઝીંગ સેરેમનીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં જનરલ ચેમ્પીયનશીપ ડીસીપી ક્રાઈમની ટીમે મેળવી હતી. બેસ્ટ એથેલીસ્ટ પુરૂષ વિભાગમાં અર્જુનભાઈ ધીરૂભાઈ ડવ (ડીસીપી ક્રાઈમ ટીમ), બેસ્ટ એથેલીસ્ટ મહિલા વિભાગમાં નેહાબેન ગોવિંદભાઈ મકવાણા (ડીસીપી ક્રાઈમ ટીમ), વિજેતા રમતવિરોને મેડલ તેમજ ટ્રોફિ એનાયત કરવામાં આવી હતી.

આ વાર્ષીક રમતોત્સવની પૂર્ણાહૂતી સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા ઉપસ્થિત રહ્યા હતા. અન્ય અધિકારીઓમાં અધિક્ષક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ જગદિશ બાંગરવા, નાયબ પોલીસ કમિશનર ઝોન-૧ હેતલ પટેલ, નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ રાકેશ દેસાઈ અને પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસ કમિશનર બ્રજેશ ઝાએ જણાવ્યું હતું કે, આજના વ્યસ્ત જીવનમાં યુવાનો ઘણીવાર ખાલી સમયનો સકારાત્મક ઉપયોગ કરી શકતા નથી ત્યારે રમતોત્સવ જેવા કાર્યક્રમો યુવાનોને ખેલકુદ સાથે જોડીને શારીરીક સ્વચ્છતા, માનસીક તંદુરસ્તી માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે. આ ઉપરાંત તેમણે આશા વ્યકત કરી હતી કે, હાલમાં સંકુલમાં ઉપલબ્ધ ન હોય તેવી ઈનડોર ગેમ્સ જેમ કે, ટેબલ ટેનીસ અને બેડમીન્ટન આગામી વર્ષથી રાજકોટ શહેર પોલીસ સંકુલમાં યોજાશે. આ વાર્ષીક રમતોત્સવમાં વિજેતા થયેલા ખેલાડીઓને અભિનંદન તેમજ ઉત્સાહ પૂર્વક ભાગ લેનાર તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# નશાખોર થાર ચાલકે અનેક વાહનોને હડફેટે લીધાઃ ભાયાવદરમાં ફિલ્મી ઢબે ઝડપાયો

**શેઠવડાળા વિસ્તારમાંથી દારૂનો નશો કરી નિકળેલ શખ્સ બેકાબુ બન્યો, જીવલેણ બને તે પહેલાં ભાયાવદર પોલીસ ત્રાટકીઃ પીઆઈ વિ.સી.પરમારે સર્વિસ રિવોલ્વર કાઢી બેકાબુ બનેલ શખ્સને કાબુમાં લઈ કાયદાનું ભાન કરાવ્યું**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દારૂના નશામાં થાર કાર ચલાવી અનેકને હડફેટે લઈ નીકળેલો શખ્સ ભાયાવદરમાંથી ફિલ્મી ઢબે ઝડપાયો હતો. શેઠવડાળા વિસ્તારમાંથી દારૂનો નશો કરી નિકળેલ શખ્સ બેકાબુ બન્યો હતો.

જેને અટકાવવા સિંઘમ પીઆઈ વિ.સી.પરમારે સર્વિસ રિવોલ્વર કાઢી બેકાબુ બનેલ શખ્સને કાબુમાં લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું. જામનગરના શેઠ વડાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી દારૂ પી માણસોની જીંદગી જોખમાય તે રીતે થાર ગાડીને ચલાવી અને વાહનો સાથે થાર ગાડી ભટકાડી નાસી છુટેલા શખ્સને પકડવાની રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને એસપી વિજયસિંહ ગુર્જર અને ધોરાજી એએસપી સિમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ દારૂ પી બેફીકરાઈથી વાહન ચલાવી પ્રજાજનોમા ભય






ફેલાવતા શખ્સને પકડવાની આપેલ સૂચનાથી ગઈકાલે ભાયાવદર પોલીસ મથકના પીઆઈ વિ.સી.પરમાર ટીમ સાથે પોલીસ સ્ટેશન પર હાજર હતા.

તે દરમ્યાન કોન્સ્ટેબલ હિમાંશુભાઈ હુણને ટેલીફોનીક જાણ થયેલ કે, એક વ્હાઈટ કલરની થાર ગાડીનો ચાલક દારૂ પીધેલ હાલતમા બે-ફીકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે થાર ગાડી નં.GJ-10-EC-7215 લઈ રસ્તામા આવતા વાહનોને ઠોકર મારી શેઠ વડાળા પોલીસ મથક વિસ્તારમાથી અરણી ગામથી ભાયાવદર ગામ તરફ આવતો હોય તેની પાછળ-પાછળ શેઠવડાળા પોલીસ મથકના ૧૧૨ ગાડીના પોલીસ કર્મચારીઓ તેનો પીછો કરી રહેલ છે.

જે બાતમી મળતા ભાયાવદર પીઆઈ વી.સી.પરમાર સ્ટાફ સાથે ભાયાવદર ગામે અરણી રોડની ગોળાઈ પર રસ્તો રોકી ઉભા હતા તે દરમ્યાન થાર ગાડી પુર ઝડપથી ધસી આવેલ અને ઉભી રખાવતા ઉભી રહેલ નહિ અને ભયજનક ડ્રાઈવિંગ કરી થાર ગાડીનો ચાલક નાસી જતા તેનો ફિલ્મી ઢબે પીછો કરી ભાયાવદરના સરદાર ચોક ખાતે થાર ગાડીને રોકી પાડી તેના ચાલક મહેંદ્રસિંહ ભુપતસિંહ જાડેજા (રહે જામનગર, મચ્છોનગર, શાંતી નગર શેરી નં૭) ને પકડી આગળની કાર્યવાહી કરવા શેઠવડાળા પોલીસને સોંપી આપેલ છે.

ઉલ્લેખનીય છે કે, આ નશામાં ચકચૂર થઈ થાર કાર ચલાવી અનેક લોકોની જિંદગી જોખમમાં મુકનાર શખ્સને પકડવામાં ભાયાવદર પીઆઈ વી.સી. પરમારનો સિંઘમ અવતાર સામે આવ્યો હતો. પોલીસને જોઈને પણ બેકાબુ રહેલા આરોપીને પકડવા પીઆઈએ પોતાની સર્વિસ રિવોલ્વર કાઢી ફિલ્મી ઢબે પકડી કાયદાનું ભાન કરાવ્યું હતું. જે ઘટના સમયે ભાયાવદર ન ગ્રામજનો ઉમટી પડ્યા હતાં.

જે કામગીરીમાં ભાયાવદર પોલીસ મથકના પીઆઈ વી.સી.પરમાર, એએસઆઈ શક્તિસિંહ, કોન્સ્ટેબલ હિમાંશુભાઈ, દિલીપસિંહ, મહેશભાઈ અને શેઠ વડાળા પોલીસ મથકના કોન્સ્ટેબલ અર્જુનભાઈનો સમાવેશ થાય છે.

# ગોંડલ નજીક ૨૯ કિલો ગાંજાના જથ્થા સાથે ભાયાવદરના બે શખ્સો ઝડપાયા

**ઉપલેટાના અસ્ફાક ખોખરે ગાંજો મંગાવ્યો હતો અને સમીર પટા સાથે મળી વેંચાણ કરવાના હતાં, સપ્લાયર અને રિસીવરની શોધખોળઃ એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ કે.એમ.ચાવડા અને ટીમનો સપાટો**




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ પાસેથી ૨૯ કિલો ગાંજાના જથ્થા સાથે ભાયાવદરના પટ્ટા બંધુને રૂરલ એસઓજીની ટીમે પકડી પાડી રૂ.૧૪.૫૦ લાખનો ગાંજો અને બોલેરો સહિત મળી કુલ રૂ.૨૧.૭૯ લાખનો મુદ્દામલ જપ્ત કર્યો હતો. ઓરિસ્સાથી ગાંજો ભરી આપનાર અને ગાંજો મંગાવનાર બે શખ્સો સહિત ત્રણ શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થ ગાંજાનું વેચાણ કરતા શખ્સો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાનીઆપેલ સુચનાથી એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ કે.એમ.ચાવડા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે કોન્સ્ટેબલ નિર્મળસિંહ ચુડાસમાને રાજકોટ તરફથી ગાંજાનો મોટો જથ્થો ભરેલ બોલેરો ગોંડલ તરફ જવાની છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે એસઓજી ટીમે ગોંડલના મુંગાવાવડી ગામથી દાળીયા ગામ તરફ જતા જાહેર રસ્તા ઉપરથી બોલેરોને અટકાવી અશરફ ઉર્ફે અપુ રાજુ પટા (ઉ.વ.૩૩) અને શાહનવાજ રાજુ પટ્ટા (ઉ.વ.૩૬)(રહે. બંન્ને ભાયાવદર) ને પકડી પાડી ગાંજાનો જથ્થો ૨૯ કિલ્લો રૂ.૧૪.૫૦ લાખ સાથે પકડી પાડી રોકડા રૂ. ૧૩,૭૬૦, મોબાઈલ ફોન નંગ-૨ અને બોલેરો પીકઅપ મળી કુલ રૂ.૨૧,૭૩,૯૧૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ શાહનવાઝ રાજકોટથી ટ્રકમાં ટાઈલ્સ ભરી ઓરિસ્સા સપ્લાય કરવાં માટે ગયો હતો. ત્યાંથી શુશાંતકુમાર લેનકા (રહે.સંબલપુર (ઓરીસ્સા) નામના શખ્સે ટ્રકમાં ગાંજાનો જથ્થો ભરી આપ્યો હતો.

જે ગાંજો ભરેલ ટ્રક લઈ શાહનવાઝ કુવાડવા પહોંચ્યો હતો. જ્યાં પહેલેથી જ તેનો ભાઈ અશરફ બોલેરો લઈ ઉભો હતો. જેમાં ગાંજાનો જથ્થો ટ્રાન્સફર કરી બંને ભાઈઓ બોલેરોમાં બેસી ભાયાવદર તરફ જવા નીકળ્યાં હતાં અને દબોચાઈ ગયાં હતા. આ ગાંજાનો જથ્થો ઉપલેટાના અસ્ફાક મનસુર ખોખરે મંગાવ્યો હતો.

અસ્કાફ પહેલેથી જ ઓરિસ્સાના શુશાંતકુમારના સંપર્કમાં હતો અને તેના કહેવાથી જ ગાંજો ભરી આપ્યો હતો. તે ગાંજાનો જથ્થો અસ્કાફ અને ભાયાવદરનો સમીર દિલાવર પટા સાથે મળી વેંચાણ કરવાના હોવાની પકડાયેલ શખ્સોએ કબૂલાત આપી હતી. એસઓજીની બંને શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

# IT અધિકારી અને પ્યૂનને રૂ. ૪૫૦૦૦ની લાંચ લેતા ACBએ રંગે હાથ દબોચી લીધા

**એરીયર્સના રૂ. ચાર લાખ મંજુર કરવાના ૮૦ હજારની માંગ કરી હતીઃ પૈસા આપવાની વાત કરનાર નિવૃત ઈન્સ્પેક્ટરને પકડી લેવા કાર્યવાહી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગીરનાર સિનેમા નજીક આવક વેરાની વોર્ડ-૨ની ઓફિસમાં આસીસ્ટન્ટ એકાઉન્ટ ઓફિસર અને પીયુનને એસીબીની ટીમે રૂ.૪૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી લેતા લાંચીયા સરકારી કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. એરીયસના ચાર લાખના બીલ મંજુર કરવાના એકાઉન્ટ ઓફીસરે રૂ.૫૦ હજારની માંગ કરી હતી જેમા અગાઉ રૂ.પાંચ હજાર લઈ લીધા હતા જયારે વધુ પૈસા લેવા જતા પીયુનને રંગે હાથ પકડી લીધા બાદ એકાઉન્ટ ઓફીસરને પકડી લીધો હતો જયારે લાંચમાં વચેટીયા તરીકે નિવૃત ઈન્સપેક્ટરને


રવિકુમાર જાંગીડ
અક્ષય વાગડિયા

પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની જાણવા મળતી વિગતો મુજબ ગીરનાર સિનેમા નજીક આવક વેરાની વોર્ડની ઓફીસમાં એરીયસના રૂ. ચાર લાખ મંજુર કરવા માટે ગયા હતા જેથી ઈન્કમટેકસ ઓફીસના આસીસ્ટન્ટ ઓફીસર રવિકુમાર સુરેશકુમાર જાંગીડએ બીલ મંજુર કરવાના ૨૦ ટકા લેખે ૮૦ હજાર આપવા માટેની માંગ કરી હતી. જેથી તેને રકઝક કરતા મામલો રૂ.૫૦ હજાર આપવા માટે નકકી થયુ હતુ અને તેને પાંચ હજાર એડવાન્સ આપ્યા હતા બાદમાં ફરીયાદને લાંચ આપવી ન હોય તેને એસીબીમા ફરીયાદ કરી હતી.

દરમ્યાન આસીસ્ટન્ટ એકાઉન્ટ ઓફીસર રવિકુમારે તેના પરિચીત નિવૃત ઈન્સપેકટર શૈલેષ ચૌહાણને જાણ કરી રૂ.૪૫ હજાર લઈ આવવા માટે હવાલો આપ્યા હતો. જેથી તેને ફરીયાદીને ફોન કરી રૂ.૪૫ હજારની ઉઘરાણી કરી હતી અને શુક્રવારે પૈસા આપવાની વાત થઈ હતી અને ઓફીસની સામે જ બોલાવ્યા હતા. જેથી ફરીયાદી આવતા ઈન્કમટેક્ષ ઓફીસમાં પીયુન તરીકે ફરજ બજાવતો અક્ષય શૈલેષ વાગડીયા પૈસા લેવા આવતા રૂ.૪૫ હજાર લેતા એસીબીના પીઆઈ સોલંકીની ટીમે રંગે હાથ ઝડપી લીધા બાદ ઓફીસમાંથી રવિકુમારની અટકાયત કરી હતી. જયારે ભુજ રહેતા નિવૃત ઈન્સપેકટર શૈલેષ ચૌહાણને પકડી લેવા કાર્યવાહી કરી છે.